પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ • અંક : ૨૬૭ • કુલ પાના : ૪ • તારીખ : ૦૭-૦૭-૨૦૨૨ ગુરૂવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### ગીર સોમનાથમાં આભ ફાટ્યું

## સુત્રાપાડામાં ૧૨ અને કોડીનારમાં ૯ ઈંચ, ભારે વરસાદથી ગામ અને ખેતરો બેટમાં ફેરવાયાં

જૂનાગઢ,

ગીર સોમનાથ જિલ્લામાં આભ ફાટ્યું છે. જિલ્લામાં ગત રાત્રીથી મેઘરાજા ઓળઘોળ થયા હોય એમ અનરાધાર હેત વરસાવ્યું શરૂ કર્યા બાદ સવાર સુધીમાં સાંબેલાધાર વરસાદ વરસાવી દેતાં પાણી પાણી કરી દીધું હતું. એમાં સુત્રાપાડામાં સાત કલાકમાં ૧૨ ઈંચ, કોડીનારમાં સાતેક કલાકમાં ૯ ઈંચ અને વેરાવળ-સોમનાથમાં છ કલાકમાં ૫ ઈંચ વરસાદ ખાબક્યો છે. એને પગલે સુત્રાપાડા અને કોડીનાર શહેર તથા પંથકમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. તો ભારે વરસાદને પગલે વેરાવળ-કોડીનાર વચ્ચે પેઢાવાડા પાસે હાઈવેનાં કામ અંતર્ગત કઢાયેલા રસ્તાઓ સોમત નદીના પૂરના પાણીમાં ગરકાવ થતાં વાહન-વ્યવહાર ખોરવાઈ જતાં બંને તરફ વાહનોની લાઈનો લાગી હતી. તો ગ્રામ્ય વિસ્તારના રસ્તાઓ અને ખેતરો પાણીમાં ગરકાવ થયાં છે.

રાજ્યના હવામાન વિભાગે કરેલી આગાહી મુજબ ગીર સોમનાથના દરિયાકાંઠે વસેલા વેરાવળ, સુત્રાપાડા અને કોડીનાર તાલુકામાં ગત રાત્રિથી મેઘરાજાએ મુકામ કરી હેત વરસાવવાનું શરૂ કર્યું છે. આ ત્રણેય તાલુકામાં વરસેલા વરસાદની વાત કરીએ તો સૌથી વધુ સુત્રાપાડામાં રાત્રિના શરૂ થયેલી મેઘસવારીએ સવારે ૧૦ વાગ્યા સુધી સાત કલાકમાં ૨૮૦ મિમી (૧૨ ઈંચ), કોડીનારમાં ૨૨૫ મિમી (૯ ઈંચ) અને વેરાવળમાં ૧૨૪ મિમી (૫ ઈંચ) વરસાદ વરસાવી દીધો હતો. જેના પગલે



વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. તો ખેતરોમાં પાકને જરૂરી એવા ખરા સમયે જ વરસાદ વરસતા ખેડૂતોમાં ખુશીની લહેર પ્રસરી ગઈ હતી. તો કોડીનાર અને સુત્રાપાડા શહેર-પંથકમાં વરસેલા સાંબેલાધાર વરસાદના પગલે લોકોએ અને વાહનચાલકોને અનેક પ્રકારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

સુત્રાપાડા શહેર-પંથકમાં ગતરાત્રીના અઢી વાગ્યા આસપાસ મેઘરાજાએ પધરામણી કર્યા બાદ વહેલી સવારે સાત વાગ્યા સુધી અનરાધાર વરસાદ વરસ્યો હતો. આ બાદ પણ વરસાદ ધીમી ધારે વરસવાનું ચાલુ જ હતુ. આમ સાત કલાકમાં ૧૨ ઈંચ જેવો વરસાદ વરસી જતા શહેર-પંથકમાં ઠેરઠેર પાણી ભરાઈ ગયા હતા. સુત્રાપાડા પંથકમાં આભ ફાટ્યા જેવા ભારે વરસાદના પગલે ખેતરોમાં પાણી ભરાઈ જતા બેટમાં ફેરવાઈ ગયાનો નજારો જોવા મળતો હતો. પંથકના મટાણા સહિતના અનેક ગામો બેટમાં ફેરવાઈ ગયાના દ્રશ્યો સામે આવ્યા છે. મટાણા ગામને જોડતા બ્રિજ ઉપર વરસાદી પાણી ફરી વળતા વાહન વ્યવહાર અટકી જવાની સાથે ગામની અંદર રસ્તા-શેરીઓમાં નદી વહેતા ગ્રામજનો મુશ્કેલીમાં મુકાયા હતા. જ્યારે પ્રશ્નાવડા, લોઢવા, સીંગસર સહિતના ગામોની શેરીમાં નદી વહેતી થતા બેટમાં ફેરવાયા જેવો નજારો જોવા મળતો હતો. સુત્રાપાડાનો વાડી વિસ્તાર સહિત નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા જતા લોકો મુશ્કેલીમાં મુકાયા હતા. સુત્રાપાડા તાલુકાના અન્ય ગામોને જોડતા ઉંબરી સહિતના મુખ્ય માર્ગો ઉપર પાણી ભરાતા બંધ થઈ જતા વાહનચાલકો મુશ્કેલીમાં મુકાયા હતા.

કોડીનાર પંથકમાં પણ ગતરાત્રીથી જ મેઘરાજા અનરાધાર વરસી રહ્યા છે. જે સવારે પણ અવિરત ચાલુ હતુ. જેના લીધે કોડીનાર શહેર-પંથકમાં સાતેક કલાકમાં ૯ ઈંચ જેટલો વરસાદ વરસી જતા જળમગ્ન જેવી સ્થિતિ અનેક જગ્યાએ જોવા મળી હતી. કોડીનાર શહેરની અનેક સોસાયટીઓ, રસ્તાઓ અને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. તો પંથકના દરિયાકાંઠાના મુળદ્વારકા, માલાશ્રમ સહિતના ગામોની અંદર નદીઓ વહેતી થઈ હતી. તો અનેક લોકોના ઘરોમાં પાણી ઘુસી જતા ગ્રામજનો હેરાન પરેશાન થયા હતા.

આજના ભારે વરસાદના પગલે નિર્માણાધીન વેરાવળ-કોડીનાર નેશનલ હાઈવે ઉપર મોરડિયા અને પેઢાવાડા ગામની વચ્ચે પુલનું કામ ચાલી રહ્યુ હોવાથી કાઢવામાં આવેલું ડાયવર્ઝન સોમત નદીમાં આવેલા પૂરના ધસમસતા પાણીમાં ગરકાવ થઈ ગયું હતું. આ ધસમસતા પૂરના પાણીમાં ડાયવર્ઝન ધોવાઈ ગયું હતું. જેના પૂરથી જોખમી રીતે પસાર થઈ રહેલા મોટા વાહનો પૈકી ટ્રક ફસાઈ ગયાના દ્રશ્યો સામે આવ્યા હતા. આમ હાઈવેના પુલનું કામ સમયસર પુર્ણ ન કરવાની નેશનલ હાઈવેની ઘોર બેદરકારીનો ભોગ વાહનચાલકોને સહન કરવાનો વારો આવ્યો હતો. રાજ્યમાં ભારે વરસાદના કારણે ૧૩૭ વિજપોલ ધરાશાયી થતા સૌરાષ્ટ્રના ૬૩ જેટલાં ગામડાઓમાં અંધારપટ છવાઈ ગયો છે. ભારે પવન સાથે અનેક વીજપોલ ધરાશાયી થયા છે. વીજવિભાગ દ્વારા વીજપુરવઠો ઝડપી કાર્યરત કરવા માંગ કરવામાં આવી છે. વરસાદી સીઝનમાં ગામડાઓમાં અંધારપાટ છવાઈ જતા લોકોએ ભારે મુશ્કેલી વેઠવાનો વારો આવ્યો છે.

## સૌરાષ્ટ્રમાં ભારે વરસાદના કારણે ૧૩૭ વીજપોલ ધરાશાયી થતા ૬૩ ગામડાઓમાં અંધારપટ

રાજકોટ,

રાજ્યમાં ભારે વરસાદના કારણે ૧૩૭ વિજપોલ ધરાશાયી થતા સૌરાષ્ટ્રના ૬૩ જેટલાં ગામડાઓમાં અંધારપટ છવાઈ ગયો છે. ભારે પવન સાથે અનેક વીજપોલ ધરાશાયી થયા છે. વીજવિભાગ દ્વારા વીજપુરવઠો ઝડપી કાર્યરત કરવા માંગ કરવામાં આવી છે. વરસાદી સીઝનમાં ગામડાઓમાં અંધારપાટ છવાઈ જતા લોકોએ ભારે મુશ્કેલી વેઠવાનો વારો આવ્યો છે.અને વીજપોલ ધરાશાયી થતા લોકોને ભારે હાલાકી વેઠવાનો વારો આવ્યો છે.


ખેરીવાડીના ૨૨૫ ફીડર બંધ થઈ ગયા.,જામનગરમાં ખેતીવાડીના ૧૦૦ સહિત ૨૫૧ ફીડર બંધ હાલતમાં.,રાજકોટ ગ્રામ્યમાં ૧ ફીડર બંધ અને ૩ વીજપોલ તૂટી પડ્યા.,પોરબંદરમાં ૫ ફીડર બંધ ૧ ગામમાં અંધારપટ છવાયો., જૂનાગઢમાં ૨૨ ફીડર બંધ ૨૧ વિજપોલ તૂટી પડ્યા ૧ ગામમાં વીજળી બંધ., જામનગર માં ૧૨૦ ફીડર બંધ ૨૬ પોલ તૂટી પડ્યા ૧૭ ગામ નો વીજપુરવઠો ખોરવાયો., ભુજમાં ૬૩ ફીડર બંધ હાલતમાં, ૧ વીજપોલ તૂટી પડ્યો. ૪૪ ગામનો વીજપુરવઠો ખોરવાયો., અંજારમાં ૫ ફીડર બંધ હાલતમાં, ૧૪ વિજપોલ તૂટી પડ્યા., ભાવનગરમાં ૨૦ ફીડર બંધ હાલતમાં, ૩૭ વિજપોલ તૂટી પડ્યા., બોટાદમાં ૭ ફીડર બંધ હાલતમાં, અમરેલીમાં ૧ ફીડર બંધ અને ૧૮ વીજપોલ તૂટી પડ્યા.,સુરેન્દ્રનગરમાં ૭ ફીડર બંધ ૬ વિજપોલ તૂટી પડ્યા.

## શિવસેના માત્ર બાલાસાહેબની છે, આગામી ચૂંટણીમાં શિવસેના ૧૦૦ સીટો જીતશે : સંજય રાઉત

મુંબઈ,

શિવસેના નેતા અને રાજ્યસભા સાંસદ સંજય રાઉતે કહ્યું કે, તેમની પાર્ટી મહારાષ્ટ્રમાં પોતાના દમ પર ૧૦૦ સીટો જીતશે. તેમણે કહ્યું હતું કે, મને આશા છે કે, શિવસેના ૧૦૦ સીટો જીતશે, ઉદ્ધવ ઠાકરેએ કહ્યું છે કે, રાજ્યમાં મધ્ય ગાળાની ચૂંટણી થવા દો, સ્પષ્ટ થઈ જશે કે, કોણ જીતે છે અને કોણ હારે છે.

ઉદ્ધવ ઠાકરે જૂથના આ નેતાએ કહ્યું કે, શિવસેના બાલાસાહેબ ઠાકરેની છે, કોઈ બીજાની નથી થઈ શકતી, તમે આને પૈસાના માધ્યમથી હાઈજેક નથી કરી શકતા. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ કહ્યું કે, માત્ર પૈસા જ બધું નથી, બીજું પણ કંઈક આપવામાં આવ્યું (શિવસેનાના બાગી ધારાસભ્યોને), જ્યારે આ કંઈક સામે આવશે, ત્યારે મોટો ખુલાસો થશે. તેમણે



કહ્યું કે, અમને હજુ પણ આશા છે કે, આ ધારાસભ્યો પાછા આવશે. બાગીઓ સાથે અમારી હંમેશાંથી જ વાતચીત થતી હતી. આ અમારા લોકો છે, પાછા આવશે. સુબહ કા ભૂલા અગર શામ કો ઘર આ જાયે તો ઉસે ભૂલા નહી કહતે. શિવસેનાના ૪૧ ધારાસભ્યોએ એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળ બગાવત કરી હતી, તેના પરિણામ સ્વરૂપ ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વવાળી મહારાષ્ટ્રની મહા વિકાસ અઘાડી સરકારને સત્તામાંથી બહાર થવું પડ્યું.

## રાંધણ ગેસના બાટલામાં કમરતોડ વધારો, સિલિન્ડર ૫૦ રૂપિયા મોંઘુ

નવીદિલ્હી,

એલપીજી સિલિન્ડરની કિંમતમાં ઓઈલ કંપનીઓ તરફથી કમરતોડ વધારો કરવામાં આવ્યો છે. કંપનીઓએ ૬ જુલાઈની સવારે ઘરેલુ ગેસ સિલિન્ડર ૫૦ રૂપિયા મોંઘુ કરી દીધુ છે. આ સાથે જ દિલ્હીમાં ગેસ સિલિન્ડરની કિંમત વધીને ૧૦૫૩ રૂપિયા પર પહોંચી ગઈ છે. આ ઉપરાંત કોલકાતામાં ઘરેલુ ગેસ સિલિન્ડરની કિંમત ૧૦૭૯, મુંબઈમાં ૧૦૫૨.૫૦ રૂપિયા અને ચેન્નાઈમાં ૧૦૬૮.૫૦ રૂપિયા થઈ ગઈ છે. ગુજરાતમાં ૧૪.૨ કિલો સિલિન્ડરના હવે ૧૦૫૦ રૂપિયા ચૂકવવા પડશે.



એકબાજુ ઘરેલુ રાંધણ ગેસનો બાટલો મોંઘો થયો તો કોમર્શિયલ સિલિન્ડરના ભાવમાં ઘટાડો થયો છે. આ અગાઉ પણ એક જુલાઈના રોજ ઓઈલ કંપનીઓ તરફથી કોમર્શિયલ સિલિન્ડરના ભાવમાં ૧૯૮ રૂપિયાનો મસમોટો ઘટાડો કરાયો હતો. ત્યારબાદ આશા સેવાઈ રહી હતી કે આવનારા સમયમમાં ઘરેલુ ગેસ સિલિન્ડર પણ સસ્તો થશે. પરંતુ હવે કંપનીઓએ કિંમત વધારીને જનતાને ઝટકો આપ્યો છે.

૧ જુલાઈના રોજ દિલ્હીમાં કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવ ઘટીને ૨૦૨૧ રૂપિયા થયા હતા. હવે આજે ૮.૫૦ રૂપિયાનો ફરીથી ઘટાડો થતા ભાવ ૨૦૧૨.૫૦ રૂપિયા થઈ ગયો છે. એ જ રીતે કોલકાતામાં ૧૯ કિલોનો કોમર્શિયલ સિલિન્ડર ૨૧૩૨ રૂપિયામાં મળશે. મુંબઈમાં ૧૯૭૨.૫૦ રૂપિયા અને ચેન્નાઈમાં ૨૧૭૭.૫૦ રૂપિયા ભાવ થઈ ગયો છે. આ અગાઉ ઘરેલુ ગેસ સિલિન્ડરના ભાવમાં છેલ્લે ૧૯ મેના રોજ ફેરફાર થયો હતો.

એક જુલાઈ પહેલા કોમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં પહેલી જૂનના રોજ ૧૩૫ રૂપિયાનો ઘટાડો કરાયો હતો. આ જ રીતે છેલ્લા ૩૫ દિવસ દરમિયાન કોમર્શિયલ સિલિન્ડરના ભાવમાં ૩૦૦ રૂપિયા કરતા પણ વધુનો ઘટાડો થયો છે. (મે મહિનામાં સિલિન્ડરના ભાવ વધીને ૨૩૫૪ રૂપિયા થઈ ગયા હતા.)


તાજેતરમાં સરકારે જનતાને મોંઘવારીમાંથી રાહત આપવા માટે ઉજ્જવલા યોજના હેઠળ ૨૦૦ રૂપિયા પ્રતિ સિલિન્ડરની સબસિડી આપવાની જાહેરાત કરી હતી. આ સબસિડી વાર્ષિક ૧૨ સિલિન્ડર સુધી જ મળશે. સરકારના આ પગલાંથી ૯ કરોડથી વધુ ગ્રાહકોને ફાયદો થયો છે.

## ભગવાન કૃષ્ણની જેમ ભારતે રશિયા-યુક્રેન યુદ્ધને રોકવાના પ્રયત્નો કર્યા : એસ જયશંકર

નવીદિલ્હી,

વિદેશમંત્રી એસ. જયશંકરે કહ્યું કે, ભારતે યુક્રેન-રશિયા યુદ્ધને ત્વરિત ખતમ કરવા માટે અને તેનાથી નિર્માણ થયેલી ઈંધણ અને અન્નની અછતને ધ્યાને રાખીને દેશના હિતોની રક્ષા કરવાની વચ્ચે સંતુલન બનાવી રાખ્યું છે. દિલ્હી વિશ્વવિદ્યાલયમાં 'મોદીજ૨૦: ડ્રીમ્સ મીટ ડિલીવરી' પુસ્તક પર એક ચર્ચાને સંબોધિત કરતા જયશંકરે કહ્યું કે, દક્ષિણ એશિયાની વચ્ચે વધુ એકીકરણ ત્યારે જ થઈ શકે છે, જ્યારે ભારત તેની આગેવાની કરશે. તેમણે કહ્યું કે, 'આ ક્ષેત્રના અન્ય દેશ ભારતની તરફ જોઈ રહ્યા છે કે, તે નેતૃત્વ કરે અને આના માટે સાધનો ભેગા કરે.'

યુક્રેનમાં જે થઈ રહ્યું છે, તેની તુલના મહાભારતની સ્થિતિ સાથે કરતા કહ્યું કે, જીવન ખૂબ જ જટિલ છે અને આ કે બધા વિકલ્પો સરળ નથી. વિદેશ મંત્રીએ કહ્યું કે, ભારતે ફેબ્રુઆરીમાં સંકટ શરૂ થયા બાદથી 'સાચો રસ્તો' સ્વીકાર્યો



હતો. તેમણે કહ્યું કે, 'સૌથી મહત્વનો મુદ્દો... દુશ્મનીને તે સ્તર સુધી વધતા રોકાવવું છે, જ્યાં તે માત્ર નુકસાન જ પહોંચાડે. ભગવાન કૃષ્ણની જેમ, ભારતે યુદ્ધ રોકવા માટે વાતચીત અને કૂટનીતિના માધ્યમથી શાંતિના માર્ગ પર વાપસીની હિમાયત કરવા માટે બધું કર્યું છે.'

તેમણે આગળ કહ્યું કે, 'ભારતે પોતાના ઐતિહાસિક અને રણનીતિક હિતોની સાથે-સાથે યુક્રેન સંકટથી નિર્માણ થયેલા મોટા મુદ્દાઓ જેમ કે, ઈંધણ, અન્ન અને ખાતરની અછતની પણ વ્યવસ્થા કરી છે, જ્યારે કોઈ સંઘર્ષના કારણે પૂરી દુનિયાના લોકો ખૂબ જ ઊંડાણ સુધી પ્રભાવિત થાય છે, તો ત્યાં હજુ વધારે સમજદાર અને શાંત અવાજોની જરૂર હોય છે. સાથે જ, ભારતને તે કરવું પડશે, જે તેને પોતાના હિતોની રક્ષા માટે કરવાનું છે.'

દક્ષિણ એશિયા સાથે જોડાયેલા એક પ્રશ્નના જવાબમાં વિદેશ મંત્રીએ કહ્યું કે, ભારત આ ક્ષેત્ર પર ખૂબ જ ધ્યાન આપી રહ્યો છે. કેમ કે, પાડોશી દેશોની લગભગ દરેક દેશની સીમા ભારત સાથે છે, જ્યાં સૌથી મોટી અર્થવ્યવસ્થા અને રાજનીતિ છે. તેમણે કહ્યું કે, 'મને વિશ્વાસ છે અને ખબર છે કે, આ વડાપ્રધાનનો દૃઢ વિશ્વાસ છે કે, વાસ્તવમાં દક્ષિણ એશિયામાં એક ક્ષેત્ર બનાવવાની પહેલ અને જવાબદારી આપણી સાથે છે. જો આપણે પહેલ કરીએ છીએ. જો આપણે આને આગળ વધારીએ છીએ, તો આ નિશ્ચિત રીતે થશે. જો આપણે નથી કરી રહ્યા તો, આવું નહીં થશે. સ્પષ્ટ છે, આપણને બીજાની જરૂર છે.'

## કેન્દ્રીય કેબિનેટમાંથી બે મંત્રીના રાજીનામા : મુખ્તાર અબ્બાસ નકવી અને આરસીપી સિંહે પદ છોડ્યું

નવીદિલ્હી,

કેન્દ્રીય લઘુમતી બાબતોના પ્રધાન મુખ્તાર અબ્બાસ નકવીએ કેબિનેટમાંથી રાજીનામું આપ્યું છે. આજે યોજાયેલી કેબિનેટની બેઠક બાદ તેમણે પોતાના પદ પરથી રાજીનામું આપી દીધુ હતું. તેમનો રાજ્યસભામાં કાર્યકાળ આવતીકાલે પૂરો થવા જઈ રહ્યો છે. આ અગાઉ કેબિનેટની બેઠકમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએએ નકવીના કાર્યકાળની પ્રશંસા કરી હતી. તેમને રાજીનામાથી એવી શક્યતા વહેતી થઈ છે કે તેઓ પક્ષ તરફથી ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર બનાવવામાં આવી શકે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ભાજપે તાજેતરમાં રાજ્યસભા ચૂંટણીમાં નકવીને ઉમેદવાર બનાવ્યા ન હતા, ત્યારથી એવી અટકળો વહેતી થઈ હતી કે પક્ષ તેમને કોઈ મોટી ભૂમિકામાં રજૂ કરવા ઈચ્છે છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે તેમનો એનડીએ તરફથી ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર બનાવવામાં આવી શકે છે. નકવી



અત્યારે કેન્દ્ર સરકારમાં પ્રધાન રહ્યા છે, આ ઉપરાંત રાજ્યસભામાં ભાજપ સંસદીય પક્ષના ઉપનેતા પણ હતા.

પ્રધાન મંત્રી નરેન્દ્ર મોદીએ કેબિનેટની બેઠકમાં પણ લઘુમતી બાબતોના પ્રધાન મુખ્તાર અબ્બાસ નકવી તથા આરસીપી સિંહની પ્રશંસા કરી હતી. સૂત્રોના જણાવ્યા પ્રમાણે વડાપ્રધાન મોદીએ કહ્યું કે તમે દેશના વિકાસમાં યોગદાન આપ્યું છે. કેન્દ્રીય પ્રધાનમંડળની બેઠક બાદ મુખ્તાર અબ્બાસ નકવીએ ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડા સાથે મુલાકાત કરી હતી. જોકે બન્ને નેતા વચ્ચે શું વાતચીત યોજાઈ તે અંગે સત્તાવાર રીતે કોઈ માહિતી મળી શકી નથી.

મુખ્તાર અબ્બાસ નકવી ઉપરાંત જનતા દળ યુનાઈટેડના ક્વોટાથી કેન્દ્ર સરકારમાં મંત્રી આરસીપી સિંહે પણ કેબિનેટમાંથી રાજીનામું આપી દીધુ છે. જેડીયુએ તેમને રાજ્યસભામાં વધુ કાર્યકાળ આપ્યો નથી. આરસીપી સિંહનો રાજ્યસભા સાંસદ તરીકે ગુરુવારે અંતિમ દિવસ છે.

નોંધનીય છે કે આ બંને કેન્દ્રીય મંત્રી રાજ્યસભાના સાંસદ હતા, જેનો કાર્યકાળ આવતીકાલે પૂરો થઈ રહ્યો છે. આરપીસી સિંહ જેડીયૂ તરફથી કેન્દ્રના મંત્રીમંડળમાં સામેલ હતા. નોંધનીય છે કે જેડીયૂએ આરપીસી સિંહ અને ભાજપે મુખ્તાર અબ્બાસ નકવીને રાજ્યસભાની યોજાયેલી ચૂંટણીમાં ટિકિટ આપી નહોતી. નકવીને ભાજપે પાછલા દિવસમાં યોજાયેલી રાજ્યસભાની દ્વિવાર્ષીક ચૂંટણીમાં ઉમેદવાર બનાવ્યા નહોતા. ત્યારથી આશંકા વ્યક્ત કરવામાં આવી રહી હતી કે પાર્ટી તેમને નવી જવાબદારી આપી શકે છે.આવી સ્થિતિમાં હવે એવું કહેવામાં આવી રહ્યું છે કે ભાજપ મુખ્તાર અબ્બાસ નકવીને ઉપરાષ્ટ્રપતિ બનાવી શકે છે. જો કે કેરળના રાજ્યપાલ આરીફ મોહમ્મદ ખાનનું નામ પણ ચર્ચામાં છે.

મુખ્તાર અબ્બાસ નકવી ૨૦૧૦થી ૨૦૧૬ સુધી ઉત્તર પ્રદેશથી રાજ્યસભાના સભ્ય હતા. ૨૦૧૬માં તેમને ઝારખંડથી રાજ્યસભામાં મોકલવામાં આવ્યા હતા. નકવી ૧૯૯૮માં પહેલીવાર લોકસભા ચૂંટણી જીત્યા અને અટલ બિહારી વાજપેયી સરકારમાં માહિતી અને પ્રસારણ મંત્રાલયમાં રાજ્યમંત્રી બનાવવામાં આવ્યા. તે પછી, ૨૬ મે ૨૦૧૪ ના રોજ, તેઓ મોદી સરકારમાં લઘુમતી બાબતો અને સંસદીય બાબતોના રાજ્ય મંત્રી બન્યા.૧૨ જુલાઈ ૨૦૧૬ ના રોજ નજમા હેપતુલ્લાના રાજીનામા પછી, તેમને લઘુમતી બાબતોના મંત્રાલયનો સ્વતંત્ર હવાલો મળ્યો.૩૦ મે ૨૦૧૯ ના રોજ મોદી કેબિનેટમાં જોડાયા અને લઘુમતી બાબતોના મંત્રાલય તરીકે રહ્યા. નકવીએ પહેલા ભાજપની ટિકિટ પર મઉ જિલ્લાની સદર વિધાનસભા બેઠક પરથી બે વખત વિધાનસભામાં પહોંચવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ નિષ્ફળ ગયા હતા. ૧૯૯૧માં તેઓ સીપીઆઈના ઈમ્તિયાઝ અહેમદ સામે માત્ર ૧૩૩ મતોથી ચૂંટણી હારી ગયા હતા. તે પછી, ૧૯૯૩ની વિધાનસભા ચૂંટણીમાં, બીએસપીના નસીમે તેમને લગભગ ૧૦,૦૦૦ મતોથી હરાવ્યા હતા.

## લાલુ યાદવને સારવાર માટે દિલ્હી એરલિફ્ટ કરવામાં આવશે : એમ્સમાં દાખલ કરાશે

પટણા,

રાષ્ટ્રીય જનતા દળ (રાજદ) ના સુપ્રીમો લાલુ પ્રસાદ યાદવ હાલમાં અસ્વસ્થ અને બીમાર છે. લાલુ યાદવને સારવાર માટે દિલ્હી એરલિફ્ટ કરવામાં આવશે. તેમને દિલ્હીમાં એઈમ્સમાં ભરતી કરાવવાની તૈયારી છે. બતાવવામાં આવી રહ્યું છે કે આરજેડી ચીફને એર એમ્બ્યુલન્સ દ્વારા દિલ્હી લઈ જવામાં આવશે. પહેલા પણ લાલુ પ્રસાદ યાદવની એઈમ્સમાં સારવાર ચાલી રહી હતી. એઈમ્સના ડોક્ટર તેમની કિડનીની સારવાર કરી રહ્યા છે. હાલ તેમને પટનાની એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરાયા છે. પટનામાં રાબડી દેવીના ઘરમાં પડી જવાને કારણે તેમના ખભામાં ફ્રેક્ચર થયું હતું. તેમને પગ અને કમરમાં પણ ઈજાઓ થઈ હતી.

આરજેડી સુપ્રીમોને દિલ્હી લઈ જવાના અહેવાલો વચ્ચે બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર આરજેડી સુપ્રીમોને મળવા પારસ હોસ્પિટલ પહોંચ્યા હતા. તેમણે તેજસ્વી યાદવને દિલ્હી લઈ જવા અંગે નજીકથી પૂછપરછ કરી.



નીતીશ કુમારે ડોક્ટરોને તેમની સ્થિતિ અંગે પણ સવાલ કર્યા હતા. નીતિશ કુમારે કહ્યું કે સ્થિતિ પહેલા કરતા સારી છે. તેમને દિલ્હી લઈ જવામાં આવશે અને તમામ પ્રકારના ટેસ્ટ કરવામાં આવશે. સરકાર બધું જ કરશે, કોઈ સમસ્યા નથી. નીતિશ કુમારે તેમની ઝડપથી સ્વસ્થ થવાની પ્રાર્થના કરી છે.

નીતીશ કુમારે કહ્યું કે લાલુજીને સિંગાપોર લઈ જવાના હતા. ૧૦-૧૫ દિવસ પછી પણ હવે ફ્રેક્ચર થયું છે. દિલ્હીમાં ડોક્ટરો સાથે વાત કરશે અને પરિસ્થિતિ અનુસાર નિર્ણય લેશે. ગઈકાલે પીએમનો ફોન આવ્યો. જણાવી દઈએ કે જ્યારથી લાલુ યાદવને દાખલ કરવામાં આવ્યા છે ત્યારથી સીએમ નીતિશ કુમાર સતત રિપોર્ટ લઈ રહ્યા છે.

## હવે ૯ની જગ્યાએ ૬ મહિનામાં લઈ શકશો બૂસ્ટર ડોઝ, કેન્દ્રનો નિર્ણય

નવીદિલ્હી,

દેશમાં કોરોનાનો બૂસ્ટર ડોઝ હવે ૯ની જગ્યાએ ૬ મહિનામાં લગાવી શકાશે. કેન્દ્ર સરકારે આ બાબતે આજે તમામ રાજ્ય સરકારોને પત્ર લખ્યો છે. કેન્દ્ર સરકારે તમામ રાજ્ય સરકારોને પત્ર લખીને કહ્યું છે કે હવે કોરોનાનો બૂસ્ટર ડોઝ ૯ મહિનાની જગ્યાએ છ મહિનામાં લાગશે. કેન્દ્રીય સ્વાસ્થ્ય સચિવ રાજેશ ભૂષણે રાજ્યોને પત્ર લખી આ વિશે જાણકારી આપી છે. પત્રમાં લખવામાં આવ્યું છે કે કોરોનાના બીજા ડોઝ અને બૂસ્ટર ડોઝની મર્યાદા ૯ મહિના કે ૩૯ સપ્તાહથી ઘટાડી ૬ મહિના કે ૨૬ સપ્તાહ કરવાની ભલામણ NTAGI એ કરી છે.



સરકાર તરફથી કહેવામાં આવ્યું છે કે ૧૮થી ૫૯ વર્ષના બધા લોકોને હવે ૯ મહિનાની જગ્યાએ છ મહિનામાં બૂસ્ટર ડોઝ આપવામાં આવશે. રસીકરણ પર સરકારની સલાહકાર સંસ્થા- નેશનલ ટેક્નિકલ એડવાઈઝરી ગ્રુપ ઓન ઈમ્યુનાઈટેશને બીજા અને બૂસ્ટર ડોઝ વચ્ચેના અંતરને ઓછુ કરવાની ભલામણ કરી હતી.

આ સિવાય એનટીએજીઆઈએ ૧૨ વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે રસી લગાવવાની ભલામણ કરી છે એનટીએજીઆઈ ના સૂત્રોએ કહ્યું કે ૧૨-૧૭ ઉંમર વર્ગમાં રસી લાગી રહી છે, તે તેમાં સુધારના પક્ષમાં છે. આ ઉંમર વર્ગના લોકોને ૧૨ વર્ષ ઉંમર વર્ગની તુલનામાં વધુ ખતરો છે. બૂસ્ટરના રૂપમાં કોર્બેવેક્સના ઉપયોગ પર એનટીએજીઆઈ તરફથી હજુ કોઈ ચર્ચા થઈ નથી.

પત્રમાં કહેવામાં આવ્યું છે કે ૬૦ વર્ષ કે તેનાથી વધુ ઉંમરના લોકો અને સ્વાસ્થ્ય કર્મીઓ, ફ્રંટ લાઈન વર્કર્સને બૂસ્ટર ડોઝ બીજા ડોઝના છ મહિના કે ૨૬ સપ્તાહ પૂરા થતાં ફ્રીમાં આપવામાં આવશે. નોંધનીય છે કે કોરોનાથી બચાવ માટે અત્યાર સુધી બૂસ્ટર ડોઝ લેવા માટે ૯ મહિનાનું અંતર રાખવામાં આવ્યું હતું. પરંતુ સરકારના આ નિર્ણય બાદ જેણે બીજો ડોઝ લીધો છે, તે છ મહિના બાદ ત્રીજો ડોઝ લઈ શકે છે.

**નગરપાલિકા, ગોધરા.**

**ઓન લાઈન ટેન્ડરની જાહેર નિવીદા**

ગોધરા નગરપાલિકા હસ્તકના ભામૈયા વોટર વર્કસ તથા મોટી કાંટડી ઉપર આવેલ પમ્પ હાઉસની મોટરોનો સંચાલન તથા નિભાવણી અને સમારકામ (O&MR) કરવાના કામના ટેન્ડરો www.nprocure.com વેબ સાઈટ ઉપર ઓનલાઈન પબ્લીશ કરવામાં આવેલ છે. ઓનલાઈન ટેન્ડર ભરવાની તા.૧૧/૦૭/૨૦૨૨ થી તા.૨૧ /૦૭/૨૦૨૨ સુધી તેમજ બીડ ડોકયુમેન્ટ મોકલવાની અંતિમ તા.૨૯/૦૭/૨૦૨૨ ના સાંજના ૬:૦૦ કલાક સુધી રાખવામાં આવેલ છે જેની લાગતા વળગતા કોન્ટ્રાકટરશ્રીઓને જાણ થાય.

| આર.એચ. પટેલ | જે.બી. ચૌહાણ | અકરમ પટેલ | એસ. સી. સોની |
|---|---|---|---|
| મુખ્યઅધિકારી | ચેરમેન | ઉપપ્રમુખ | પ્રમુખ |
| ન.પા- ગોધરા | પાણી વિભાગ | ન.પા- ગોધરા | ન.પા- ગોધરા |
| | ન.પા- ગોધરા | | |

માહિતી/ગોધરા/૩૦૫/૨૦૨૨

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# મહીસાગર જિલ્લામાં રાજ્ય મંત્રી નિમિષાબેન સુથારની ઉપસ્થિતિમાં વંદે ગુજરાત વિકાસ રથને આંજણવા ગામે આવકાર્યો


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા,

આઝાદીકા અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે ગુજરાતમાં છેલ્લા બે દાયકામાં થયેલ વિકાસને લોકો સુધી પહોંચાડવાના પ્રયાસ સ્વરૂપે રાજ્ય સરકાર દ્વારા રાજયના તમામ જિલ્લાઓમાં વંદે ગુજરાત વિકાસયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. મહીસાગર જિલ્લામાં આદિજાતિ વિકાસ, આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ વિભાગ રાજ્ય કક્ષા મંત્રી નિમિષાબેન સુથારની ઉપસ્થિતિમાં આંજણવા ગામે વંદે ગુજરાત વિકાસ યાત્રા નીકળી

આ પ્રસંગે મંત્રીએ જણાવ્યું હતું કે, ભારત એક પ્રજાસત્તાક સંસદીય લોકશાહી ધરાવતું રાષ્ટ્ર હોવાથી અહીં વિકાસના કેન્દ્રમાં પ્રજા સર્વોપરી હોય છે. સરકારની અનેક યોજનાઓ થકી આજે દેશની અંદર બદલાવ આવ્યો છે. ઉપરાંત વહીવટી કાર્યોની ઝડપ વધી છે. ગુજરાત સરકાર દ્વારા આયોજિત "વંદે વિકાસયાત્રા"ને સમગ્ર ગુજરાતમાં ભવ્ય લોક પ્રતિસાદ મળી રહ્યો છે.

વંદે ગુજરાત વિકાસ યાત્રા અંતર્ગત તા. ૧૯મી જુલાઇ સુધીમાં મહીસાગર જિલ્લાહના સર્વાંગી વિકાસને વેગ આપવા અનેકવિધ વિકાસ કામોના લોકાર્પણ ખાતમુહુર્ત થવાના છે. એટલું જ નહીં પરંતુ સરકારના વિવિધ લોકોપયોગી યોજનાઓના લાભો સીધા જ લાભાર્થીઓને આપવામાં આવશે.

વંદે ગુજરાત ફિલ્મ નિદર્શનની સાથે સાથે મહીસાગર જિલ્લા આરોગ્ય શાખા કચેરી દ્વારા કોરોના રસીકરણ, પૂરક પોષણ, આરોગ્ય તપાસ જેવા કાર્યક્રમોનું આયોજન પણ સ્થળ પર જ કરવામાં આવ્યું હતું. જેનો લાભ કાર્યક્રમમાં ઉપસ્થિત લોકોએ બહોળી સંખ્યામાં લીધો હતો.

આ કાર્યક્રમમાં લાભાર્થીઓને સ્ટેજ પરથી મહાનુભાવોના હસ્તે વિવિધ લાભો આપવામાં આવ્યા હતા. કાર્યક્રમ પછી મહાનુભાવોના હસ્તે વૃક્ષા રોપણ કર્યુ.

આ કાર્યક્રમમાં જિલ્લા સદસ્ય નંદાબેન ખાંટ, તાલુકા સદસ્ય સતરામપુર ભવનભાઇ બારીયા, સતરામપુર મામલતદાર, સરપંચ, તલાટી, શાળાના આચાર્ય, વિધાથીઓ અને મોટી સખ્યામા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# સંતરામપુરમાં કરંટ લાગવાથી પશુનું મોત : સંતરામપુરમાં બીજી ઘટના


તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,

સંતરામપુરમાં કરંટ લાગવાથી પશુનું મોત ૧૫ દિવસમાં કરંટ લાગવાથી બીજી ઘટના મધ્ય ગુજરાત વીજ કંપનીની બેદરકારી જોવાય ગત રાત્રીન વરસાદ પડવાથી ઘટના બની હતી. મોનસુન સિઝનમાં મધ્ય ગુજરાત વીજ કંપની દ્વારા સંતરામપુર નગર દરેક વીજ થાંભલા અને મુખ્ય લાઈનો અને ટેપિંગ કરવાની હોય છે. પરંતુ મધ્ય ગુજરાત વીજ કંપની દ્વારા બેદરકારીને કામગીરીના કરના કારણે આજે કરંટ લાગવાથી પશુનું મોતેલું હતું. સંતરામપુર નગરના ગોધરા ભાગોળ વિસ્તારમાં પારસ મળી હોસ્પિટલની બાજુમાં પશુઓ પસાર થઈ રહેલા હતા. અચાનક ચાલુ વરસાદમાં થાંભલાની બાજુમાંથી કરંટ પસાર થતાં કરંટ લાગી ગયો હતો કરંટ લાગવાથી પશુનું મોત નિભેલું હતું. આવા ભરચક વિસ્તાર અને હોસ્પિટલની બાજુમાં સંખ્યા પંદર દિવસે એડમીટ કરેલા છે અને સારવાર માટે આવતા હોય છે, મોટી દુર્ઘટના પણ બની શકે છે. આવી જગ્યા ઉપર સંતરામપુર નગરના ગોધરા બાવળ વિસ્તારના મુખ્ય માર્ગ ઉપર જ આવી હેવી લાઇન ઉપરથી કરંટ ઉતરતા અને કરંટ લાગવાથી આવી ઘટના બની હતી.આજુબાજુના સ્થાનિક રહીશો માટે અને વેપારીઓ માટે જાનહાનિ અને જોખમકારક વધી રહ્યું છે. ફરી આવી શોર્ટ સર્કિટ અને કરંટ લાગવાની ઘટના બને તો જવાબદાર કોણ મધ્ય ગુજરાત વીજ કંપની તંત્ર પોતાની જવાબદારી નિભાવે અને ખુલ્લા વાયરો અને ઈલેક્ટ્રીક થાંભલા ઉપરથી ૩૩ કેજીનો વાયરનો કરણ ઉતરતા જોખમકારક ઊભી રહ્યું છે. વહેલી તકે આ કામગીરી પૂર્ણ કરવામાં આવે અને મરામત કરવામાં આવે તેવી સ્થાનિક રહીશો તંત્રને જાણકારી.

# શહેરાના સાજીવાવ ગામમાં બે મહિના પહેલા નવીન બનેલા ડામર રસ્તાને નલ સે જલ યોજનાની પાઈપલાઈન નાખવાની કામગીરી દરમિયાન વચ્ચેથી તોડી નાખવામાં આવ્યો


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા તાલુકાના સાજીવાવ ગામમાં ચાલી રહેલી નલ સે જલ યોજનાની પાઇપ લાઇનની નાખવાની કામગીરી દરમિયાન ગ્રામ પંચાયત થી છેડા ફળિયા તરફ જતા ડામર માર્ગને વચ્ચેથી જે.સી.બી મશીનથી તોડી નાખતા ત્યાંથી પસાર થતા વાહન ચાલકો મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા. જ્યારે બે મહિના પહેલા બનાવેલા આ ડામર રસ્તાને નુકશાન પહોચ્યું હોય ત્યારે સબંધિત તંત્ર આ બાબતે કાર્યવાહી કરશે ખરા તે તો જોવુજ બન્યું છે.

શહેરા તાલુકાના સાજીવાવ ગ્રામ પંચાયતથી છેડા ફળિયા થઈને નાંદરવા તરફ જવાનો ડામર માર્ગ ૨ મહિના પહેલા નવો બનાવવામાં આવ્યો હતો. સ્થાનિક ગ્રામજનો સહિત આજુબાજુ ના ગામના ગ્રામજનો પણ અવર જવર માટે આ નવીન બનેલા ડામર રસ્તા નો ઉપયોગ કરતા હોય છે. જ્યારે સાજીવાવ ગામમાં ચાલી રહેલ રાજ્ય સરકારની નલ સેજલ યોજનાની પાઈપલાઈનની નાખવાની કામગીરી દરમિયાન છેડા ફળિયા તરફ જતો નવીન બનેલ ડામર રસ્તાને જે.સી.બી.ના મદદથી તોડી નાખવામાં આવ્યો હતો. આ નવીન બનેલ ડામર રસ્તાને વચ્ચેથી તોડી નાખવામાં આવતા ત્યાંથી પસાર થતા વાહન ચાલકોને બીજા રસ્તે અવર જવર કરવાની નોબત આવી હતી. કરોડો રૂપિયાના ખર્ચે નવીન બનેલા ડામર રસ્તાને માત્ર બે મહિના થયા હોય ત્યારે આ રસ્તાને પાઈપલાઈન નાખવાની કામગીરી દરમિયાન તોડી નાખવામાં આવતા ત્યાંથી પસાર થતા વાહન ચાલકોમાં છૂપો રોષ પણ જોવા મળી રહયો હતો. નવીન બનેલ ડામર રસ્તાને જે રીતે નુકશાન પહોંચ્યું હોય ત્યારે સંબંધિત તંત્ર દ્વારા આ બાબતને ખૂબ જ ગંભીરતાથી લેવામાં આવે અને અસરકારક કાર્યવાહી આ સામે કરવામાં આવે જેથી બીજા નવીન બનેલા ડામર રસ્તાને નુકશાન થતું અટકી શકે તેમ છે. જ્યારે તાલુકાના અનેક ગામોમાં ઘરે-ઘરે પાણી પહોંચાડવાની નલ સે જલ યોજનાની પાઈપલાઈનની કામગીરી દરમિયાન અનેક રસ્તાઓ વચ્ચે થી તૂટી ગયા હોય અને તેની રજૂઆત પણ જાગૃત નાગરીક દ્વારા જિલ્લા કલેક્ટર કચેરી સુધી કરવામાં આવતી હોય તેમ છતાં સંબંધિત તંત્ર દ્વારા આ સામે કાર્યવાહી કરવામાં પણ શુભ મુહૂર્તની રાહ દેખતા હોય ત્યારે આ સામે અનેક સવાલો લોકો માંથી ઉઠે તો નવાઈ નહી.

# ગોધરાના ચિખોદ્રા નજીક થી કારમાં કત્તલ માટે લઈ જવાતા ગૌવંશ પોલીસે ઝડપ્યા



ગોધરા,

ગોધરા શહેર બી ડિવિઝન પોલીસ દ્વારા ચિખોદ્રા નજીકથી વૈભવી કારમાં ક્રૂરતાપૂર્વક કતલના ઈરાદે લાવવામાં આવી રહેલા ગૌવંશને પોલીસે ઉગારી લીધા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર ગોધરા શહેર બી ડિવિઝન પોલીસ સ્ટાફ પેટ્રોલીંગમાં નીકળ્યો હતો. ત્યારે બાતમી મળી હતી કે બે ઈસમો એક વૈભવી ડસ્ટ કારમાં ગૌવંશ ભરીને કતલના ઈરાદે લાવી રહ્યા છે.જેના આધારે પોલીસ દ્વારા ગત ૫ તારીખે સવારના અરસામાં ચીખોદ્રા તળાવ પાસે વોચ ગોઠવવામાં આવી હતી. વોચ દરમ્યાન એક પાયલોટિંગ કાર સાથે ડસ્ટ કાર આવતી જોવા મળી હતી. જેને લઈને પોલીસ દ્વારા બંને કારને અટકાવવા માટે ઈશારો કરતા બંને કારમાંથી ચાર ઈસમો દૂર કાર ઊભી રાખીને નાસવા લાગ્યા હતા. જેને લઈને પોલીસે તેઓનો પીછો કરતા એક ઈસમ પોલીસના હાથે ઝડપાઈ ગયો હતો.જ્યારે અન્ય ત્રણ ઈસમો ખુલ્લા ખેતરમાં નાસી જવામાં સફળ રહ્યા હતા. પોલીસે પકડાયેલા ઈસમનું નામઠામ પૂછતાં તેણે પોતાનું નામ સાજીદ ઈલ્યાસ ભમેડી જણાવ્યું હતું. બીજી તરફ પકડાયેલા ઈસમને સાથે રાખીને કારમાં તપાસ કરતા કારમાંથી ટૂંકા દોરડા વડે પગ અને ગળા ભાગે ક્રૂરતાપૂર્વક બાંધેલી હાલતમાં ત્રણ ગાય અને એક બળદ મળી આવ્યો હતો. પોલીસે પકડાયેલા ઈસમને નાસી જનાર ઈસમોના નામ પૂછતાં તેણે નીષાર અબ્દુલ ગની બદામ જ્યારે અન્ય બે ઈસમોને ઓળખતો ન હોવાનું જણાવ્યું હતું. જ્યારે ગૌવંશ અંગે પૂછતા પોલીસને કોઈ સંતોષકારક જવાબ ન મળ્યો હતો.પોલીસ દ્વારા ગૌવંશ, બે વાહનો, એક મોબાઈલ ફોન મળીને કુલ રૂ ૭.૨૫ લાખનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો અને તમામ ઈસમો સામે ગોધરા શહેર બી ડિવિઝન પોલીસમથકે ગુજરાત પશુ સંરક્ષણ સુધારા અધિનિયમ કાયદા હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.

# વિરપુરના લીમરવાડા તાર ઉપરથી કપડા લેવા જતા આધેડ વ્યકિતનું કરંટ લાગવાથી મોત

વિરપુર,

વિરપુર તાલુકાના લીમરવાડા વિસ્તારમાં ઘરમાં તાર પર સુકવેલા કપડા લેવા જતા વીજ કરંટ લાગતા નીચે પટકાતા આધેડનુ મોત નીપજયું હતુ.


લીમરવાડા પંચાયત વિસ્તારમાં કાળુભાઈ સોમાભાઈ પરમાર(ઉ.વ.૫૫)ખેતી કામ કરી પરિવારનુ ગુજરાન ચલાવતા હતા. તેઓ સાંજના સમયે તેમના ઘરે તાર પર સુકવેલા કપવા લેવા જતા તારમાં ઉતરેલા વીજ કરંટનો ઝાટકો લાગતા તેઓ નીચે પટકાયા હતા. બનાવને પગલે આસપાસમાં રહેતા લોકો દોડી આવ્યા હતા અને બેભાન થઈ ગયેલા કાળુભાઈને વિરપુર સરકારી દવાખાને લાવવામાં આવ્યા હતા. જ્યાં હાજર ડોકટરોએ તેઓને વધુ સારવાર માટે લુણાવાડા લઈ જવામાં આવ્યા હતા. જયાં ડોકટરે તેઓને મૃત જાહેર કર્યા હતા. બનાવની જાણ થતાં વિરપુર પોલીસે મૃતકની લાશને પી.એમ.માટે સરકારી દવાખાને મોકલી આપી અકસ્માતની નોંધ કરી વધુ તપાસ હાથ ધરી હતી.

# ઔદ્યોગિક તાલીમ સંસ્થા, પાવાગઢ (હાલોલ) ખાતે પંચમહાલ જિલ્લાનો પ્રધાનમંત્રી એપ્રેન્ટિસ ભરતી મેળો યોજાશે

ગોધરા,

પંચમહાલ જીલ્લા કક્ષાનો એપ્રેન્ટીસ ભરતીમેળો આઈ.ટી.આઈ, પાવાગઢ (હાલોલ) ખાતે આગામી તા.૧૧/૦૭/૨૦૨૨ના રોજ સવારે ૧૦:૦૦ વાગ્યાથી શરૂ થનાર છે. જેમાં જિલ્લાના વિવિધ એકમો તેઓની વેંકેન્સી સાથે હાજર રહેશે. આ ભરતી મેળામાં આઈ.ટી.આઈ પાસ અને ડિપ્લોમા (ઈલેક્ટ્રિકલ અને મિકેનિકલ) લાયકાત ધરાવતા ઉમેદવારો ભાગ લઈ શકે છે. આ મેળામાં જોડાવા ઈચ્છુક ઉમેદવારોને તેઓના જરૂરી પ્રમાણપત્ર અને તેની નકલો સાથે રૂબરૂ હાજર રહેવું તેવું આચાર્ય ઔદ્યોગિક તાલીમ સંસ્થા ગોધરા એક અખબારી યાદીમા જણાવેલ છે.

# સંતરામપુરના બારેલા નસીકપુર પાણીની લાઈનનો વાલ્વ લીકેજ થતાં પાણીનો વેડચાટ



સંતરામપુર,

સંતરામપુર તાલુકાના બારેલા નસીકપુર ગામે વાલ લીકેજ થતા હજારો લિટર પાણીનો વેડફાડ થયો. સંતરામપુર તાલુકાના બરેલા નસીકપુર ગામે ગુજરાત રાજ્ય સરકાર દ્વારા ઉનાળા દરમિયાન તળાવો ભરવા માટેની કામગીરી કરવામાં આવેલી કોન્ટ્રાક્ટરના બેદરકારી અને કામગીરીમાં વેટ ઉતારતા પાઇપલાઇન અને વાલ નાખવામાં આવેલા હલકીકક્ષાનું મટરીચલ ફીટીંગ કરવામાં આવેલું હતું. કોન્ટ્રાક્ટર કામગીરીમાં વેટ ઉતારવાના કારણે આજે સંતરામપુર તાલુકાના દરેક જગ્યા તળાવ ભરવામાં આવેલા દરેક ગામોની અંદર ૧૫ ૧૫ દિવસમાં પાઈપો લીકિઝ થઈ ગઈ છે. થોડા દિવસ અગાઉ પણ રામ પટેલના મુવાડા ગામે આઠ પરિસ્થિતિ જોવાયેલી હતી. હાલમાં ચોમાસાની ખેતી કરવા માટે ખેડૂતો મોગુડાટ બિચારણ નાખીને ખેતીની તૈયારી કરતા હોય છે. જ્યારે બીજી બાજુ પાઈપો ભંગાર થતાં અને બાલ વિકાસ થવાના કારણે ખેતરોમાં પાણી ભરાઈ જતા અને ચારેય બાજુ પાણીનો વેડફાળ થવાના કારણે ખેડૂતોની મોટા પાયે નુકશાન થવા પામેલું છે. તળાવ ભરવાની કામગીરીમાં કોન્ટ્રાક્ટર આ કામગીરી સામે તપાસનો વિષય બન્યો છે.

# સંતરામપુરના બટકવાડાના મેણા ફળીયામાં સર્વે નં.પ૬/૨માં સરકારી ડામર રોડ ઉપર કરાયેલ દબાણ દુર કરવા કલેકટરને રજુઆત

સંતરામપુર,

સંતરામપુર તાલુકાના બટકવાડા ગામે મેણા ફળીયામાં સર્વે નં.પ૬/૨માં પ્રધાનમંત્રી યોજના હેઠળ ડામર રોડ બનાવવામાં આવ્યો છે. આ રોડને અડીને આવેલ મકાનના માલિક દ્વારા રોડ આવરી લઈને ફેન્સીંગ કરી રોડ ઉપર દબાણ કરેલ છે. તે દુર કરવા માટે મહિસાગર જીલ્લા કલેકટરને લેખિત રજુઆત કરવામાં આવી.

સંતરામપુર તાલુકાના બટકવાડા ગામે મેણા ફળીયામાં સર્વે નં.પ૬/૨ પ્રધાનમંત્રી યોજના હેઠળ ડામર રોડ બનાવવામાં આવેલ છે. આ સાર્વજનિક રસ્તા લોકોને ઉપયોગી છે. પરંતુ રસ્તો પુરો થવાની જગ્યાએ રામસીંગભાઈ પારગીનું મકાન આવેલ છે. તેમના દ્વારા મકાનની ફરતે ફેન્સીંગ વાડ કરેલ છે. જેને અડીને રસ્તો આવેલ હોય તે રોડ મકાનના કંપાઉન્ડમાં આવરી લઈને રોડનું દબાણ કરેલ છે. જેને લઈ અંદરનો રસ્તો લોકોને ઉપયોગી નથી. આજુબાજુ લોકોને આપવા જવામાં તથા ઈમરજન્સીમાં ઉપયોગ થતો ન હોય ત્યારે સરકારી રસ્તા ઉપર કરેલ દબાણ દુર કરવામાં આવે તેવી માંગ સાથે અરજદારે મહિસાગર જીલ્લા કલેકટરને લેખિત રજુઆત કરવામાં આવી છે.

# ગોધરા SOG પોલીસે પ્રોહિબીશનના વોન્ટેડને ઝડપ્યો

ગોધરા,

ગોધરા એસ.ઓ.જી પોલીસ દ્વારા ગોધરા તાલુકા પોલીસ મથકના પ્રોહી. ધારાના ગુન્હામાં નાસતા ફરતા વોન્ટેડ આરોપીને વેગનપુર બસ સ્ટેન્ડ, તા.ગોધરા ખાતેથી ઝડપી પાડવામાં આવ્યો.

ગોધરા એસ.ઓ.જી પોલીસ ઈન્સ્પેકટર મિનેશ કે.ખાંટને ખાનગી બાતમીદાર દ્વારા ચોક્કસ બાતમી મળી હતી કે, ગોધરા તાલુકા પોલીસ મથકના પ્રોહી. ધારાના ગુન્હામાં નાસતો ફરતો વોન્ટેડ આરોપી હરીશ રાઠોડ જે હાલમાં વેગનપુર બસ સ્ટેન્ડ, તા.ગોધરા ખાતે હાજર છે. જે બાતમી પોલીસને મળતા પોલીસ સ્ટાફ દ્વારા બાતમીવાળા સ્થળ પર જઈ તપાસ કરતા આરોપી ને ઝડપી પાડ્યો હતો. ત્યારે પોલીસે આ મામલે વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

# ગોધરા પ્રાંત દ્વારા ૯૬ વર્ષ પછી ૧ દિવસમાં નિર્ણય કરવા સામે ખાતાકીય તપાસ તથા આ બાબતની ફરિયાદની માંગ

ગોધરા,

મોજે ગોધરા કસ્બાના રે.સ.નં.૪૨૦/૪૨૭/૪૨૮ બાબતે પ્રાંત અધિકારી એન.બી.રાજપૂત વિગેરે ૧ થી ૬ સામે વધુ અંક તા.૨૪/૬/૨૦૨૨ તથા તા.૨૬/૦૬/૨૦૨૨ સામે ફરીયાદી દ્વારા ગુજરાત રાજ્ય સરકારશ્રી લાગતા વળગતા અધિકારી અન્ય વિભાગો તરફ આવી રીતે બેનામી તરફ ફરિયાદ અરજી બાબતે આરોપીઓએ આવી રીતે બેનામી મિલ્કતો ભેગી કરેલ હોય તમામ ૧ થી ૬ આરોપીઓની સંપતિની તપાસ કરવા અને સામે સખતમાં સખત કાર્યવાહી કરવા તેમજ આ બાબતે અનેક વિભાગો તરફ સોગંદનામાના રૂપે ખુબ જ લાંબા ગાળે વિગતોવાર ફરીયાદ અરજી કરેલ છે. ફરિયાદી દ્વારા અરજીની રજુઆતો ભયાનક અને ગંભીર પ્રકાર છે. આવી તમામ પ્રકારની ભ્રષ્ટાચાર અંગેની મહેસુલી કર્મચારીઓ, અધિકારીઓ સમક્ષ પગલા લેવાની મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ તથા મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી મહેસુલ વિભાગને સોંપવામાં આવેલી છે. આ વિભાગ દ્વારા પ્રજા સેવાલક્ષી કામો તથા ગેરરીતિઓ ભ્રષ્ટાચાર ઉચાપતની ફરિયાદ અંગેની શિક્ષાત્મક પગલા લેવા તથા ખાતાકીય પગલાં તથા પેન્શનો, પ્રમોશનો, ઈજાફો યોગ્ય સરકારની સુવિધાઓ બંધ કરવાના તથા તમામ પ્રકારના વિભાગોની દેખરેખ રાખનાર ગુજરાત તકેદારી આયોગ ગાંધીનગર માન. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ જવાબદાર અધિકારીઓ સામે યોગ્ય ગુજરાત સરકારના વિભાગોને સોંપી તથા અધિક કલેકટર તકેદારી સેલને આ બાબતે જરૂરી કાર્યવાહી કરી યોગ્ય પગલાં અર્થે મોકલી આપવાની થાય છે. આમ, આ પ્રાંત ગોધરા એન.બી.રાજપૂત પ્રાંત ગોધરાની તમામ ફાઈલો વધુ રેવન્યુની તપાસ ઝીણવટભરી તપાસ કરવામાં આવે તો આવા પ્રકારની ગેરરીતિઓ તપાસ દરમિયાણ મળે તેમ છે.

આરોપી ૧) કુતુબદ્દીન અઝમુદ્દીન સૈયદ તથા આરોપી ૬ પ્રાંત ગોધરા એન.બી.રાજપૂત આ બન્ને અમદાવાદના વતની છે અને એક દિવસમાં હુકમ કરનાર ગોધરા ખાતે પ્રાંત ગોધરાનો પ્રથમ કિસ્સો જોવા મળે છે. ૯૬ વર્ષનો વિલંબનો નિકાલ એવા પ્રાંત અધિકારી એન.બી.રાજપૂત દ્વારા તમામ હદો વટાવી અને મહેસુલી પરિપત્રોનું અપમાન સરકારશ્રી આદેશોનું પાલન નહીં કરી કરાવી મોટી મોટી લાંચ રૂશ્વતો લઈ આવા પ્રકારના ખિલાડી બની બેઠા છે. જો આવા પ્રકારની ગેરરીતિઓ ગુજરાત રાજ્ય સરકારશ્રીની નજક આવા કર્મચારીઓ, અધિકારીઓ ઉપર નહીં રહે તો સરકારશ્રીને બદનામ થાય છે. આ બાબતે ફરિયાદી એ કરેલ અરજીમાં રાજ્ય સરકારશ્રી પરિપત્રો પણ દર્શાવવામાં આવેલ છે. આવા કર્મચારીઓ, અધિકારીઓથી રેકર્ડ ઓફ રૂલ્સ તથા રેકર્ડ ઓફ રાઈટની નોંધો ધ્યાને લેવાતી નથી. તેમજ અરજદારો દ્વારા પુરાવા આપેલ હોવા છતાં રેકર્ડ ઉપર ધ્યાને નહીં લઈ તમામ પ્રકારના ખેલો કરી રેકર્ડ વિરૂદ્ધના જજમેન્ટો આપવામાં આવેલ છે. જેથી ગોધરા પ્રાંત એન.બી.રાજપૂત કચેરી બાબતે તમામ ફાઈલો મહેસુલી ટીમ ગુજરાત સરકાર દ્વારા તપાસ થાય તો દુધનું દુધ અને પાણીનું પાણી થાય તેમ છે. તેમ સત્તા બહારના વહીવટી અધિકાર બહારની ગેરરીતિઓ તપાસ દરમ્યાન મળી આવે તેમ છે. આમ, આવા કર્મચારીઓ, અધિકારીઓથી સેવા કરવાના બદલે મેવા ખાવા બેઠેલા છે. જેથી ખોટા હુકમો, તકેદારી રિપોર્ટ વિગેરે ગુજરાત સરકારની તપાસ સાચી હકીકતો છુપાવી અને એકબીજા કર્મચારીઓ, અધિકારીઓની ફાઈલો દબાવી મુકેલની હકીકતો બહાર આવે તેમ છે. જો આવું રાજ્ય સેવકો દ્વારા અસભ્ય વર્તન પણ એન.બી.રાજપૂત ગોધરા પ્રાંતના કિસ્સા પણ ગાંધીનગર દ્વારા રજુ કરેલાની વિગતો પણ વાયુ વેગે છે. આપ, ગુજરાત સરકાર નાગરિક અધિકાર અધિનિયમ અંગે પણ ન્યાય મળતા નથી અને પ્રાંત ગોધરા દ્વારા બોગસ ખેડુતો બનાવવાના કિસ્સા બોગસ ખેડુતો બનાવેલ પ્રમાણપત્રો જો લાંબા ગાળે દલાલો, બિલ્ડરો અને લાખોપતિના કિસ્સાઓ તપાસ પ્રાંત ગોધરાની ફાઈલો તપાસ કરતાં મળી આવે તેમ છે. આવા ખેલના ખિલાડીઓ દ્વારા અનેક પ્રકારની ગેમો રમી સરકારશ્રીની મિલ્કતો ૭૩ એ.એ.વાળી મિલ્કતો ગધા કલમ ૪૩ના પ્રિમીયમના પાત્ર વાળી મિલ્કતો તેમ પ્રાથમિક તપાસો કેટલા ગાંધીનગર વિભાગોમાં વારંવાર ખાટલો ધારીને બેઠેલા ઈસમો થી પણ ખરા ખોટા હુકમો કરાવતા હોય તેવા ઈસમો ગાંધીનગર તરફ જોવા મળે છે.

આમ, ફરિયાદીની ફરીયાદ માન. ભારત દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સમક્ષ આ ફરિયાદ પણ કરી ૧ થી ૬ સામે તમામ પ્રકારની તપાસ થાય તો તમામ હકીકતો ૧ થી ૬ની સંપતિ બહાર આવે તેમ છે. અને આવા કર્મચારીઓ, અધિકારીઓ પંચમહાલ ગોધરા એ કરેલ હુકમો વિગેરે બાબતની ફાઈલોની તપાસ થાય તેવી ઉપલા અધિકારી, મંત્રીઓ સમક્ષ સોગંદનામાના રૂપે કરેલ છે. જો આવા કર્મચારીઓ, અધિકારીઓ ખોટા હુકમો, ખોટા રિપોર્ટો, ખોટી તપાસો વિગેરે બાબતે હકીકતી વિગતો નહીં દર્શાવવામાં આવે તો ભારતના નાગરિકોનો મહેસુલી કોર્ટો ઉપર થી ભરોસો ઉઠી જશે અને મોટા પ્રમાણમાં જીલ્લા પંચમહાલના ગોધરાના લાંચરૂશ્વતો આપી ખોટા કૃત્ય કરવામાં સફળ થાય અને એકપછી એક છક્કા મારી અને ગરીબ પ્રજાને બોલ્ડ કરતાં જાય તેવો સમય આવે છે પણ માન. મહેસુલ અને કાયદા મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીના શુભ પગલાં પડવાથી ગુજરાત સરકારમાં ખુશી અને લાગણી દ્વારા ન્યાય મળવાના કિસ્સાઓ મોટા પ્રમાણમાં જોવા મળે છે.

આમ, ફરિયાદીની ફરિયાદ અરજી બાબતે એન.બી.રાજપૂત વિગેરે સામે જીલ્લા પંચમહાલ ક્લેકટર સુજલ મયાત્રા દ્વારા યોગ્ય બાબતે સાચી હકીકતો સાથે દરખાસ્ત તથા વિગેરે અધિકાર પરત્વે યોગ્ય પગલાં લેશે કે લેવડાવશે તેવી ફરિયાદીની ફરિયાદ છે.

## આપની આજ.......

મેષ (અ.લ.ઈ.) : નોકરીના સ્થળે સામાન્ય જવાબદારી વધશે,મોસાળપક્ષે સાચવીને વ્યવહાર કરવો,ભાઈ-બહેનો તરફથી સારું સુખ જણાય છે.આર્થિક લાભની સારી તકો મળશે.

વૃષભ (બ.વ.ઉ.) : ધનપ્રાપ્તિના સારા અવસરો મળશે.રોજગારીની ઉત્તમ તકો મળશે.ધાર્મિક કાર્યોમાં મન લાગશે.નવી વસ્તુઓ ખરીદવા કે વેચવામાં લાભ જણાશે.

મિથુન (ક.છ.ઘ.) : સ્થાન પરિવર્તનના યોગો જણાય છે,લેવડ-દેવડમાં અનુકૂળતા જણાશે, રાજયપક્ષે સાધારણ તકલીફ જણાશે,જીવનસાથીના સ્વાસ્થ્ય બાબતે સાવધાની રાખવી.

કર્ક (ડ.હ.) : વડીલ વર્ગ દ્વારા સારા લાભની સંભાવના, શેરબજાર અને સટ્ટાકીય પ્રવૃત્તિઓમાં સાચવવુ,ખાનપાનમાં કાળજી રાખવી, પસંદગીના કાર્ય કરવાથી લાભ જણાશે.

સિંહ (મ.ટ.) : મહત્વના નિર્ણયો લેવામાં કાળજી રાખવી, પગ અને કમરના દર્દમાં સંભાળવું,વ્યવસાયમાં ધીમી ગતિએ સફળતા જણાશે, પ્રેમસંબંધોમાં તકલીફ જણાશે.

કન્યા (પ.ઠ.ણ.) : માનસિક શાંતિમાં વૃદ્ધિ થશે, દામ્પત્ય સુખમાં સહયોગ મળશે, તણાવયુક્ત જીવનશૈલીથી દૂર રહેવું, કામકાજમાં વિરોધીઓથી સાચવવું.

તુલા (ર.ત.) : કામકાજમાં સાધારણ થાક અનુભવશો, ભૂમિ, વાહન-મકાન સંબંધી લે-વેચમાં સાચવવું, ધંધામાં સારી અનુકૂળતા જણાશે, ઈષ્ટમિત્રોનો સારો સહકાર મળશે.

વૃશ્ચિક (ન.ય.) : આર્થિક બાબતમાં લાભ થશે, નોકરી-ધંધામાં સારો લાભ જણાશે, જૂની વસ્તુ વેચી નવું લેવાના યોગ બનશે, વાહન ચલાવવામાં કાળજી રાખવી.

ધન (ભ.ધ.ફ.ઢ.) : આર્થિક રોકાણ માટે સમય ઉત્તમ છે, માનસિક તણાવથી પરેશાની વધશે, સહકર્મચારીનો સારો સહયોગ મળશે, લોભ લાલચમાં આવી કોઈ કામ કરવું નહીં.

મકર (ખ.જ.) : જીવનસાથીનો ઉત્તમ સહયોગ મળશે, આવકમાં વધારો થશે, સંતાનોના પ્રશ્નોમાં રાહત અનુભવશો, નાની-નાની મુશ્કેલીમાંથી માર્ગ મળશે.

કુંભ (ગ.શ.સ.ષ.) : આર્થિક બાબતે ચઢાવ-ઉતાર જોવા મળશે, પ્રેમસંબંધોમાં મન પ્રસન્ન રહેશે, સાથીમિત્રોથી ઓછો સહકાર મળશે, લેવડ-દેવડમાં સાવધાની રાખવી.

મીન (દ.ચ.ઝ.થ.) : ધંધાકીય બાબતોમાં થોડી ચિંતા રહેશે, ધંધાને અને પરિવારને સાથે ના રાખો, યાત્રા-પ્રવાસના યોગ બનશે, પરિવારમાં સાધારણ અશાંતિ જણાશે.

# દાહોદ જિલ્લામાં યોજાયલા સખી મેળો તેમજ વંદે ગુજરાત પ્રદર્શનનો સમાપન સમારોહ યોજાયો

દાહોદ,

દાહોદ જિલ્લામાં યોજાયલા સાત દિવસના સખી મેળો તેમજ વંદે ગુજરાત પ્રદર્શનનો મગંળવારે જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીની અદયક્ષતામાં સમાપન સમારોહ યોજાયો હતો. ગત તા. ૨૯ થી વિધાનસભાના દંડક રમેશભાઇ કટારાએ આ સાત દિવસીય પ્રદર્શનનો પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રદર્શનને વ્યાપક જનપ્રતિસાદ સાંપડયો છે.

દાહોદ નગરના સીટી ગ્રાઉન્ડ ખાતે યોજાયેલા આ પ્રદર્શનની ૧૧ હજાર જેટલા લોકોએ મુલાકાત લીધી હતી અને અહીં ઉભા કરાયેલા સખી મંડળના સ્ટોર ઉપર રૂ. ૭.૧૫ લાખની ચીજ વસ્તુઓનું વેચાણ થયું છે. વંદે ગુજરાત પ્રદર્શન અને સખી મેળાનો મગંળવારે સમાપન સમારોહ યોજાયો હતો.


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીએ સાત દિવસીય વંદે ગુજરાત પ્રદર્શનને સફળ બનાવવા માટે નાગરિકોને ધન્યવાદ પાઠવતા જણાવ્યું હતું કે, ગુજરાત રાજ્યે છેલ્લા ૨૦ વર્ષમાં જે વિકાસ સાદયો છે તેના આ પ્રદર્શનની નાગરિકોએ મોટી સંખ્યામાં મુલાકાત લઈને રાજ્યની વિકાસ યાત્રાથી પરિચિત થયા છે. આ સાત દિવસના પ્રદર્શન સાથે અહીં યોજાયેલા સખી મેળાને પણ સરસ પ્રતિસાદ સાંપડયો છે. સખી મંડળની મહિલાઓએ ચીજવસ્તુઓના વેચાણ થકી સારો નફો મેળવ્યો છે. અહીંના સખી મંડળની મહિલાઓ પાસે કલાકારીગરીનું ઉત્તમ હુન્નર છે, જે રાજ્ય જ નહીં વિશ્વ કક્ષાએ સરાહના મેળવી શકે છે તેમ જણાવી મહિલાઓને પ્રોત્સાહિત કર્યા હતા અને સારો નફો મેળવનારા સખી મંડળની મહિલાઓને પ્રશસ્તિપત્ર આપીને સન્માન કર્યું હતું.

આ સાત દિવસીય પ્રદર્શનમાં ગુજરાત રાજ્યે છેલ્લા બે દાયકામાં જે અભૂતપૂર્વ વિકાસ સાધ્યો છે તેની વિકાસગાથાનો પરિચય આપવામાં આવ્યો હતો. તેમજ જિલ્લાના વિવિધ સખી મંડળો દ્વારા તૈયાર કરાયેલી ચીજવસ્તુઓના વેચાણના ૫૦ જેટલા સ્ટોર પણ અહીં તૈયાર કરાયા હતા.

આ વેળાએ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક સી.બી. બલાત, ગુજરાત લાઇવલીહુડ મેનેજર સુકુમાર ભૂરિયા સહિતના અધિકારીઓ તેમજ નાગરિકો ઉપસ્થિત રહ્યાં.

# દાહોદ શહેરના ભાજપ કાર્યાલય ઉપર દાહોદ શહેર ભાજપ દ્વારા શ્યામા પ્રસાદ મુખર્જીની જન્મ જયંતિ ઉજવાઈ

દાહોદ,

તા. ૦૬/૦૭/૨૦૨૨ ના રોજ ભારતીય જનસંઘના સ્થાપક ડો. શ્યામાપ્રસાદ મુખરજીની જન્મ જયંતી નિમિત્તે દાહોદ શહેર ભાજપ દ્વારા દાહોદ શહેર પ્રમુખ પ્રશાંત દેસાઈ ની અધ્યક્ષતામાં પુષ્પાંજલિનો કાર્યક્રમ દાહોદ જિલ્લા ભાજપા કાર્યાલય ખાતે યોજાયો હતો. આ કાર્યક્રમમાં પેહલા દાહોદ શહેર પ્રમુખ દ્વારા પુષ્પાંજલિ કરવામાં આવી ત્યાર પછી ઉપસ્થિત મહામંત્રી અર્પિલ શાહ, હિમાંશુ નાગર, કોષા અધ્યક્ષ વિક્રમ ભણસાલી, રાજેશ શેહતાઈ, વિનોદ રાજગોર રંજનબેન રાજહંસ, સીમા વિજયવર્ગીય, શીતલબેન ચૌહાણ, અનીતાબેન ચૌહાણ હાર્દિક બારીયા, દર્શિશ દિવાકર, અશિફ પટેલ તેમજ અન્ય કાર્યકર્તાઓ દ્વારા પુષ્પાંજલિ કરવામાં આવી હતી. પુષ્પાંજલિ કાર્યક્રમ પછી દાહોદ શહેર પ્રમુખ પ્રશાંત દેસાઈ દ્વારા તાજેતરમાં ભાજપમાં જોડાયેલા નજમુદ્દીન ગાંગરડીવાળા, નિતેશ યાદવ અને કાઈદ ભેવાલાનો સ્વાગત કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ પ્રસંગે ભાજપના કાર્યકર્તા બનતાની સાથે નાજમુદ્દીન ગાંગરડીવાળાએ કહ્યું હતું કે, નરેન્દ્રભાઈ મોદી નું વિઝન અલગ છે અને તેઓ દરેક જ્ઞાતિના લોકોને સાથે લઈ ને ચાલે છે અને કોઈ પણ પ્રકારનો ભેદભાવ કરતા નથી અને દેશ ને વિકાસની નવી ઊંચાઈ એ લઈ ગયા છે અને આ બધું મે નિરીક્ષણ કર્યું સમજ્યો અને પછી હું આજે ભાજપમાં આપ બધા મિત્રો સાથે છું. મારે બીજી એક વાત કેહવાય છે કે હું શહેર પ્રમુખ ને આજે અહી કહું છું કે આપડે ભાજપની દાહોદની વિધાનસભા સીટ તો હવે આપડે જીતી ગયા પરંતુ ઝાલોદ ગરબાડા જ્યાં જ્યાં મારા બીજા મિત્રો છે તેમના થકી આપડે આ બંને સીટ જીતવા માટે મહેનત કરીશું અને આમ દાહોદ જિલ્લાની ૬ બેઠકો આપડે જીતી અને જિલ્લાને ભાજમય બનાવીએ તેવું કહી દાહોદ જિલ્લા સાંસદ જસવંતસિંહ ભાભોર, શંકરભાઈ આમલિયાર, સુધીરભાઈ લાલપુરવાળા અને શહેર ભાજપ પ્રમુખ નો પાર્ટીમાં પ્રદેશ પ્રમુખ ની હાજરીમાં પ્રવેશ કરાવવા બદલ આભાર માન્યો હતો.



# પંચમહાલ જિલ્લાના ગોધરા ત્રિમંદીર ખાતેથી વંદે ગુજરાત વિકાસ યાત્રાનો શુભારંભ કરાવતાં ધારાસભ્ય સી.કે. રાઉલજી

ગોધરા,

આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા વંદે ગુજરાત વિકાસ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંતર્ગત ગોધરા સ્થિત ત્રિમંદીર, ભામૈયા ખાતે ગોધરા ધારાસભ્ય સહિત વિવિધ મહાનુભાવો હસ્તક જિલ્લાના વિવિધ લાભાર્થીઓને લાભ આપી રથ યાત્રાને પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. બાલીકાઓ દ્વારા પ્રાર્થના અને સ્વાગત ગીત તથા દીપ પ્રાગટય અને પવિત્ર તુલસીના છોડ દ્વારા મહાનુભાવોનું સ્વાગત કરીને કાર્યક્રમની શરૂઆત કરાઈ હતી.આ પ્રસંગે ૨૦ વર્ષની વિકાસગાથા અંગે પ્રધાનમંત્રીના વક્તવ્યની ટુંકી ફિલ્મ, વિકાસ યાત્રા અંગેની ફિલ્મ તથા જિલ્લાની સાફલ્યગાથા અંગેની ફિલ્મનું નિદર્શન કરાયું હતું.

આ પ્રસંગે ગોધરા ધારાસભ્ય સી.કે.રાઉલજીએ પોતાના પ્રાસંગીક ઉદ્દ્બોધનમાં જણાવ્યું હતું કે, છેલ્લા વીસ વર્ષમા પંચમહાલ જિલ્લાની વિકાસરૂપી કાયાપલટ થઈ છે. પંચમહાલ જિલ્લામાં અગાઉ ઉનાળામાં ખેતી થઈ શકતી નહોતી ત્યારે સરકારની વિવિધ કૃષીલક્ષી યોજનાઓ થકી આજે ખેડુતો પાક લેતા થયા છે. ખેડુતોની સુખાકારી માટે કેનાલ દ્વારા પાણી પુરૂ પાડીને તળાવો ભરવામાં આવ્યા છે.પ્રથમવાર જિલ્લાના ખેડુતોએ ઉનાળુ સિઝનમાં ૮ હજાર ટન બાજરી પકવી છે. આજે ૫૦૦ વર્ષ પછી પ્રધાનમંત્રીના હસ્તક પાવાગઢ ખાતે ધજા રોહણ કરવામાં આવી છે. જે ઘટના ઐતિહાસીક ગણી શકાય.




આજના આ પ્રસંગે કુલ ૩૭ લાભાર્થીઓને સરકારની વિવિધ યોજનાઓ થકી સહાયનું વિતરણ કરાયું હતું. જેમા લાભાર્થીઓને સ્થળ પર જ આયુષ્યમાન કાર્ડ, પાલક માતા-પિતા યોજના,વ્હાલી દિકરી યોજના,બાજપાય બેંકેબલ યોજના, કુંવરબાઈનું મામેરૂ યોજના, મફત વીજ જોડાણ, પી.એમ સ્વનિધી યોજના, ઉજ્જ્વલા યોજના સહિતની યોજનાઓના લાભનું વિતરણ કરાયું હતું. આ સાથે ૧૦૦% વેક્સિનેશન કરાવનાર ગામોના સરપંચઓનું પણ સ્વાગત કરાયું હતું. કુલ ૩૭ લાભાર્થીઓને રૂપિયા ૪,૦૩,૭૯૭ ની સહાય ચુકવવમાં આવી હતી.

અત્રે નોધનીય છે કે, ગુજરાતમાં છેલ્લા બે દાયકામાં થયેલ વિકાસને જન જન સુધી પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવનાર છે. ૧૫ દિવસ ચાલનારા આ કાર્યક્રમ હેઠળ ૧૯ જુલાઈ સુધી જિલ્લાના વિવિધ ગામોમાં વિકાસ રથ ચાલશે. વિકાસ રથ યાત્રાની સાથે વિવિધ સરકારના વિભાગો દ્વારા લોકોને લોકકલ્યાણકારી યોજનાઓ વિશે માહિતગાર કરીને એ યોજનાઓનો લાભ મેળવે તેવી નક્કર કામગીરી સાથે વંદે ગુજરાત વિકાસ યાત્રાની ઉજવણી શરૂ થઈ છે.

આજના આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ કુ.કામિનીબેન સોલંકી, જિલ્લા કલેકટર સુજલ મયાત્રા, જિલ્લા વિકાસ અધિકારી અર્જુનસિંહ રાઠોડ, જિલ્લા અગ્રણી અશ્વિનભાઈ પટેલ, જિલ્લા પંચાયત દંડક, એપીએમસી ચેરમેન,તાલુકા પંચાયતના સદસ્યગણો, સરપંચઓ તથા વહીવટી તંત્ર અધીકારીગણો / મહાનુભાવો, લાભાર્થીઓ સહિત મોટી સંખ્યામાં નાગરીકો હાજર રહ્યા હતા.

# દાહોદ જિલ્લામાં ધોરણ ૧૦-૧૨ની બોર્ડની પૂરક પરીક્ષાઓ યોજાશે

દાહોદ,

કલેક્ટર ડો. હર્ષિત ગોસાવીની અધ્યક્ષતામાં જિલ્લા સેવા સદન ખાતે આવેલા સભાગૃહમાં જિલ્લા સ્થાયી પરીક્ષા સમિતિની બેઠક યોજાઇ હતી. આ બેઠકમાં ધોરણ ૧૦ અને ૧૨ સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહની પૂરક પરીક્ષાઓનું આયોજન હાથ ધરાયું હતું. આ પરીક્ષાઓ આગામી તા. ૧૮ થી તા. ૨૨ જુલાઇ દરમિયાન યોજાશે.

કલેક્ટર ડો. હર્ષિત ગોસાવીએ આ પરીક્ષાના સુચારૂ સંચાલન અંગે અધિકારીઓને જરૂરી સૂચનો કર્યા હતા અને પરીક્ષાર્થીને પરીક્ષા સ્થળે કોઇ પણ પ્રકારની અસુવિધા ન થાય અને શાંત વાતાવરણમાં પરીક્ષા આપી શકે તે માટેનું યોગ્ય આયોજન કરવા માર્ગદર્શન આપ્યું હતું. પૂરક પરીક્ષાના તમામ કેન્દ્રો ખાતે સઘન પોલીસ બંદોબસ્ત રાખવામાં આવશે અને કોઇ પણ પ્રકારની અનિચ્છનીય ઘટના ન બને તે માટેના કલેક્ટરએ જરૂરી સૂચનો કર્યા હતા.


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

પૂરક પરીક્ષા માટેના કેન્દ્રો ઉપર વીજળીની વ્યવસ્થા, પરીક્ષાર્થીઓ સમયસર પહોંચે એ માટે એસટી બસોની વ્યવસ્થા, ટ્રાફિક વ્યવસ્થા તેમજ અતિસંવેદનશીલ કેન્દ્રો ખાતે એસઆરપી જવાનો સહિતની સઘન સુરક્ષા વ્યવસ્થા બાબતે વિગતે આયોજન કરાયું હતું.

ધોરણ ૧૦ અને ૧૨ ની આ પૂરક પરીક્ષા અંદાજે ૭૦૪૪ જેટલા વિદ્યાર્થીઓ આપશે. જેમાં ધોરણ ૧૦ ના ૩૨૦૦ વિદ્યાર્થીઓ અને ધોરણ ૧૨ ના ૩૪૮૦ સામાન્ય પ્રવાહ અને ૩૬૪ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષા આપશે. આ પૂરક પરીક્ષા માટે સીસીટીવી સહિતની તમામ વ્યવસ્થાઓ તંત્ર દ્વારા કરાઈ છે. ધોરણ ૧૦ ની પરીક્ષા ૨૦ પરીક્ષા કેન્દ્રો ખાતે, ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષા ૧૯ તેમજ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા ૨ પરીક્ષા કેન્દ્રો ખાતે યોજાશે.

પરીક્ષાર્થીઓની મદદ કરવા માટે જિલ્લામાં એક કંટ્રોલ રૂમ પરીક્ષાના ૪૮ કલાક અગાઉ શરૂ કરાશે. જેનો સંપર્ક નં. ૦૨૬૭૩-૨૩૯૧૦૦ છે. આ નંબર ઉપર સંપર્ક કરીને પરીક્ષાર્થીઓ પોતાની મુંઝવણ કે સમસ્યાનું સમાધાન મેળવી શકશે.

બેઠકમાં જિલ્લા શિક્ષણાધિકારી કાજલબેન દવે, એએસપી જગદીશ બાંગરવા, નિવાસી અધિક કલેક્ટર એ.બી. પાંડોર સહિતના અધિકારીઓ તેમજ શાળાના આચાર્યઓ, શિક્ષક સંઘના પ્રમુખઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# દે.બારીયાના નગર પાલિકાના રોજમદાર કર્મીઓને પરત લીધા બાદ પણ શહેરમાં કચરાના ઢગ

દે.બારીયા,

દે.બારીયા નગર પાલિકામાં ૨૦ થી આસપાસ કાયમી સફાઈ કર્મીઓ કાર્ય કરે છે. વધારા બીજા કોન્ટ્રાકટ બેજના લગભગ ૧૦-૧૨ સફાઈ કર્મીઓને હાલ છુટા કરવામાં આવ્યા. બાદ થી શહેરની હાલત કફોડી બનાવી નાખી છે. આ છુટા કરેલ કર્મીઓને બે દિવસમાં પરત પણ લઈ લીધા હોવા છતાં કસ્બા ગલલીયા કુવા, વાવડી શેરી, સાંકડી શેરી, રેટીયા પોળ, પારેખ શેરીમાં કચરાના ઢગ ત્યાંના ત્યાં જ છે અને કસ્બાના નાકા મણીયા કુવા પાસેનો જાહેર ઉકરડો છેલ્લ પાંચ દિવસ થી નિકાલ કરવામાં આવ્યા નથી. તેથી આસપાસ રહેતા આમ જનતાને પારાવાર ગંદકી વેઠવાનો સામનો છે અને રહેવું દુર્લભ બની ગયું છે. તદ્દઉપરાંત કોન્ટ્રાકટ બેજના સફાઈ કર્મીઓને પરત ફરજ ઉપર લઈ લીધા છે. તો પણ શેરી સફાઈ થતી નથી. તેમજ જાહેર ઉકરડાનો નિકાલ પણ ન કરાતા કોલેરો થવાનો ભય નિશ્ચીંત છે. જેથી સી.ઓ. આ માટે તાકીદે પગલા ભરે શેરી સફાઈ તથા ઉકરડાનો નિકાલ કરવામાં આવે તેવી આમ જનતાની માંગ ઉઠવા પામી છે. સ્વચ્છ ભારત અંતર્ગત લાખ્ખો કરોડોની ગ્રાન્ટ તો ડબલ એન્જીનવાળી સરકાર આપે છે. તે કયા અને સામાં વાપરવામાં આવે છે. શું ? ખાલી કાગળો ઉપર આ ગ્રાન્ટનો ખર્ચ બતાવી દેવાતો નથી ને તે તો તપાસનો વિષય છે.


તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીયાની ખેડા ફળીયા સિંગોર પ્રા.શાળામાં વૃક્ષોનું જતન કરવાની નેમ સાથે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો. શાળાના આ.શિક્ષક શૈલેષભાઈના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમ યોજવામાં આવ્યો. શાળાના ઈન્ચાર્જ આચાર્ય અર્જુનસિંહ દ્વારા વૃક્ષોના જતન વિશે બાળકો સાથે ખૂબ જ ઉંડાણ પૂર્વક ચર્ચા કરવામાં આવી તેમજ વૃક્ષોનું જતન કરવાની પ્રતિજ્ઞા લેવામાં આવી.

# શહેરા વાઘજીપુર ચોકડી પાસે એસ.ટી. બસની અડફેટે ભેંસાલના યુવાનનું મોત

શહેરા,

શહેરા ગોધરા હાઈવે માર્ગ ઉપર વાઘજીપુર ચોકડી પાસે એસટી બસની અડફેટે ભેંસાલ ગામના યુવાન નું ઘટના સ્થળે મોત નિપજ્યું હતું. છાસવારે અહી નાના મોટા અકસ્માત થતા હોય ત્યારે સર્કલ બનાવવામાં આવે તેવી લોક માંગ પણ ઉઠવા પામી છે.



શહેરા ગોધરા હાઈવે માર્ગ ઉપર વાઘજીપુર ચોકડી પાસે ગોધરા ભિલોડા બસ લુણાવાડા તરફ જતી હતી. ત્યારે ભેંસાલ ગામનો યુવાન રાવળ શૈલેષ રોડ ક્રોસ કરતી વખતે બસની અડફેટે આવી ગયો હતો. યુવાનને શરીરે ગંભીર ઈજા પહોંચતા તેનું ઘટના સ્થળે મોત નિપજયુ હતું. મરણ ગયેલ યુવાનની લાશને એમ્બ્યુલન્સમાં રેફરલ હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ માટે લઈ જવામાં આવી હતી. લાડકા દિકરાનું માર્ગ અકસ્માતમાં મોત થતા રાવળ પરીવારમાં ઘેર શોક છવાયો હતો. બનેલા બનાવને લઈને સ્થળ ખાતે ત્યાંથી પસાર થતા રાહદારીઓ સાથે વાહન ચાલકો ઉમટી આવ્યા હતા. પોલીસ દ્વારા ફરીયાદ નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી. વાઘજીપુર ચોકડી ખાતે હાઈવે માર્ગ હોવાથી છાસવારે નાના મોટા અકસ્માતના બનાવો બનતા હોય તેમ છતાં સંબંધિત તંત્ર દ્વારા અહીં સર્કલ બનાવવામાં નહીં આવતા જ્યારે અકસ્માત થતો હોય ત્યારે કોઈ પરીવારનો ઘરનો મોભી કે પછી લાડકો દીકરો તેમજ પરીવારનો સભ્ય ગુમાવો પડતો હોય છે. અહીં સર્કલ બનાવવામાં આવે તેવી લોક માંગ પણ અનેક વખત ઉઠવા સાથે પોલીસ લોક દરબારમાં પણ જાગૃત નાગરીકો દ્વારા રજૂઆત કરાઈ હતી.

# ગોધરા કોર્ટ દ્વારા ચેક રીર્ટન કરાતા આરોપીને બે વર્ષની સજા ફટકારવામાં આવી

ગોધરા,

ચેક રિટર્ન થવાના કેસમાં આરોપીને બે વર્ષની જેલની સજા અને રૂ.૫૦૦૦ નો દંડનો હુકમ તેમજ જો દંડની રકમ ન ભરે તો વધુ ૬ મહિનાની સજા નો હુકમ ગોધરા કોર્ટે ફરમાવ્યો હતો.

રોજ બરોજના નાણાકીય વ્યવહારોમાં સમાજમાં ચેકની વિશ્વસનીયતામાં લોકોને ભરોશો રહે તે માટે કોર્ટો દ્વારા પણ ચેક રિટર્ન થવાના કેસોમાં ગુનેગારો સામે લાલ આંખ કરવામાં આવી રહી છે. ત્યારે ગોધરા કોર્ટ દ્વારા ચેક રિટર્નના કેસોના ગુનેગારોમાં દાખલો બેસે તેવો મહત્વનો હુકમ કરવામાં આવેલ છે.

જેમાં વિગતવાર મળેલી માહિતી મુજબ ફરિયાદી મનુભાઈ રયજીભાઈ ભીલ રહેવાસી કાંસુડી, નિશાળ ફળિયું , ગોધરાના પાસેથી અનારા પ્રાથમિક શાળા, કઠલાલમાં નોકરી કરનાર આરોપી રફીક એહમદ અમીન મિયા ખોખરનાઓએ જરૂર હોવાથી મિત્ર તરીકે હાથ ઉછીની રકમ પેટે રૂ.૫ લાખ (પાંચ લાખ)લીધા હતા. તે રકમની ફરિયાદીએ ઉઘરાણી કરતા તે રકમની પરત ચુકવણી પેટે આરોપીએ ફરિયાદીને પોતાની બેન્ક ઓફ બરોડા, અનાર શાખાનો રૂ.પાંચ લાખનો ચેક લખી આપેલ હતો. પરંતુ તે ચેક ફરિયાદીએ પોતાની બેંક મારફતે ક્લિયરિંગમાં મોકલતા બેંકે બેલેન્સ ન હોવાના કારણસર ચેક પરત કર્યો હતો. તેથી કાયદેસરની નોટિસ આપવા છતાં આરોપીએ ફરિયાદીને ચેકની રકમ ચુકેવેલી નહિ. તેથી ફરિયાદીએ ગોધરા કોર્ટમાં ચેક રિટર્ન ગુનાની ફરિયાદ દાખલ કરી હતી. આ કેસ ગોધરા કોર્ટમાં ચાલી જતા કોર્ટમાં રજુ થયેલ પુરાવાઓ અને ફરિયાદીના વકીલ અશોકભાઈ સામતાણીની દલીલોને ધ્યાનમાં લઈને ગોધરાના ચીફ જયુ. મેજીસ્ટ્રેટ જજ જીજ્ઞેશ ગીરીશભાઈ દામોદ્રાએ આરોપી રફીક એહમદ અમીનમિયા ખોખરને ચેક રિટર્ન થવાના ગુનામાં કસુરવાન ઠરાવીને આરોપીને બે વર્ષની જેલની સજા અને રૂ.૫૦૦૦ નો દંડ અને જો દંડની રકમ ન ભરે તો વધુ ૬ મહિનાની સજા નો દાખલો બેસાડતો હુકમ કરેલ છે.

# ગરબાડાના અભલોડ ગામે મકાનની દિવાલ પડતાં મહિલાને ગંભીર ઈજા થતાં મોત

દાહોદ,

દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના અભલોડ ગામે વરસાદી માહોલ વચ્ચે એક કાચા મકાનની દિવાલ ધરાશાઈ થતાં ચાર વ્યક્તિઓ દિવાલ નીચે દબાઈ જતાં જેમાં એક વર્ષીય મહિલાનું ગંભીર ઈજાઓને પગલે તેમનું સારવાર દરમ્યાન મોત નીપજયાંનું જાણવા મળે છે.



ગત તા.૫મી જુલાઈના રોજ વરસાદી માહોલ વચ્ચે ગરબાડા તાલુકાના અભલોડ ગામે કોટડા ફળિયામાં રહેતાં ૪૫ વર્ષીય સવિતાબેન મુકેશભાઈ હિહોરના કાચા મકાનની દિવાલ ધરાશાઈ થઈ જતાં સવિતાબેન સહિત પરિવારના અન્ય ત્રણ વ્કિતઓ દિવાલની નીચે દબાઈ ગયાં હતાં જેને પગલે સવિતાબેનને સહિત અન્ય ત્રણ વ્યક્તિઓને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ઈજાઓ પહોંચતાં તેઓને તાત્કાલિક તેઓને નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હતાં. ગંભીર ઈજાઓને પગલે સવિતાબેનનું સારવાર દરમ્યાન મોત નીપજતાં આ સંબંધે અભલોડ ગામે ભુદર ફળિયામાં રહેતાં રમણભાઈ રૂપાભાઈ દેહદાએ જેસાવાડા પોલીસ મથકે જાણ કરતાં પોલીસે અકસ્માત મોતના ગુનાના કાગળો કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ફતેપુરા પોલીસ સ્ટેશન રોડ ઉપર લીમડાનું ઝાડ પડતાં શાકભાજી અને ફ્રુટની લારી દબાઈ પાંચ વ્યકિતને ઈજાઓ

ફતેપુરા,

ફતેપુરા પોલીસ સ્ટેશન રોડ ઉપર વર્ષો જુનું લીમડાનું ઝાડ પડતા ઝાડની આસપાસ ઉભી રહેતી શાકભાજી અને ફ્રુટની લારીઓ દબાઈ જવા પામી ઝાડ પડવાથી ચાર થી પાંચ વ્યકિતના નાની મોટી ઈજાઓ થવા પામી. ફતેપુરા ગામે પોલીસ સ્ટેશન રોડ ઉપર આવેલ વર્ષો જુના લીમડાનું ઝાડ બપોરના સમયે પડયું હતું. લીમડાનું ઝાડ પડવાથી ઝાડની નીચે અને આસપાસ ઉભી રહેતી શાકભાજીની લારીઓ ફ્રુટની લારીઓ તેમજ પાણી પુરીની લારીઓ દબાઈ જવા પામી હતી. ઝાડ પડવાને લઈ ચાર થી પાંચ વ્યકિતઓને નાની મોટી ઈજાઓ થવા પામી હતી. સદ્દનસીબે ઝાડ પડવાની કોઈ મોટી જાનહાનિ થવા પામી ન હતી. ઝાડ પડવાને લઈ રસ્તો બંધ થઈ જવા પામ્યો. રોડ ઉપર પડેલ ઝાડ હટાવી લેવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

# દાહોદના ડુંગરપુર ગામની જમીનના ઝગડામાં ત્રણ વ્યકિતને મારમારતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ તાલુકાના ડુંગરપુર ગામે જમીની સંબધી મામલે મહિલા સહિત પાંચ જેટલા ઈસમોએ ત્રણ વ્યક્તિઓને લાકડી વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકીઓ આપી ભારે ધિંગાણું મચાવતાં પોલીસમાં ફરિયાદ નોંધાંચાનું જાણવા મળે છે. ગત તા.૦૩ જુલાઈના રોજ દાહોદ તાલુકાના રાબડાળ ગામે રહેતાં સુરમલભાઈ કાળુભાઈ કલારા, દવાલભાઈ નાનજીભાઈ, કાળુભાઈ ફતાભાઈ કલારા, ઉર્મિલાબેન સુરતાનભાઈ અને શૈલેષભાઈનાઓએ દાહોદ તાલુકાના દશલા ગામે રહેતાં લલીબેન કાળુભાઈ નિનામાના ડુંગરપુર ગામે નિનામા ફળિયામાં આવેલ ખેતર તરફ જ્યારે લલીબેન તથા તેમના પરિવાજનો ખેતરમાં કામ કરી રહ્યાં હતા. તે સમયે ત્યાં આવી બેફામ ગાળો બોલી, તમો છોકરીઓનો હક્ક નથી, તમો બહેનો આ જમીન ખેડવાનું બંધ કરો, તેમ કહેતાં લલીબેને કહેલ કે, અમો અમારા પિતાએ આફેલ ભાગની જમીન ખેડીએ છીએ, અમો અમારા ભાઈની જમીન ખેડતા નથી, તેમ કહેતા ઉપરોક્ત પાંચેય જણા એકદમ ઉશ્કેરાઈ ગયાં હતાં અને પોતાની સાથે લાવેલ લાકડી વડે લલીબેન, રાકેશભાઈ સીરકાભાઈ નિનામા અને ભીમાભાઈ વાલચંદભાઈ નિનામાને લાકડી વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકીઓ આપતાં આ સંબંધે ઈજાગ્રસ્ત લલીબેન કાળુભાઈ નિનામાએ દાહોદ તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગોધરા પાલિકા દ્વારા સિંગલ યુઝ પ્લાસ્ટીક વપરાશ ઉપર કાર્યવાહી કરાશે

ગોધરા,

ગોધરા શહેરમાં નગર પાલિકાનાં સેનેટરી વિભાગના કર્મીઓ દ્વારા સરકારના ૧ જુલાઈ થી પ્લાસ્ટિકનાં વપરાશ પર પ્રતિબંધનાં કાયદાનું અમલ કરાવવાની કામગીરી હાથ ધરવામાં આવી.

સરકારના ૧ જુલાઈ થી ૧૯ જાતના પ્લાસ્ટિકનાં વપરાશ પર પ્રતિબંધનો કાયદો અમલમાં મુકવામાં આવ્યો છે. જેના અનુસંધાનમાં ગોધરા નગર પાલિકાનાં સેનેટરી વિભાગની કર્મીઓની ટીમ દ્વારા આજ રોજ ગોધરા શહેરનાં નગર પાલિકા હદ વિસ્તારમાં આવતી દુકાનોમાં પ્લાસ્ટિકનો વપરાશ અંગે ચકાસણી ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. જેમાં ટીમ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં આ કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં ટીમ દ્વારા રૂ.૫૩૦૦ નો દંડ ફટકારવામાં આવ્યો હતો અને ૪૫ કિલો પ્લાસ્ટિક જપ્ત કર્યું હતું. ત્યારે કહી શકાય કે હજી પણ સરકાર દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ ગોધરા શહેરના દુકાનદારો તેમજ અન્ય વપરાશ કારો દ્વારા વપરાશ કરવામાં આવી રહ્યો છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.267

आज़ादी का अमृत महोत्सव

सत्यमेव जयते
गुजरात सरकार

# જાણશે ગુજરાત
# જીતશે ગુજરાત

કેન્દ્ર અને રાજ્ય સરકારની વિકાસલક્ષી અને
પ્રજાલક્ષી ગૌરવગાથા વિશેની 'ગુજરાત જ્ઞાન ગુરુ ક્વિઝ'



શ્રી નરેન્દ્ર મોદી
વડાપ્રધાન

G3Q
GUJARAT GYAN GURU QUIZ



શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ
મુખ્યમંત્રી, ગુજરાત

## આજથી ભવ્ય શુભારંભ
## મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદ્ હસ્તે

**તારીખઃ ૭ જુલાઈ, ૨૦૨૨ | સમયઃ બપોરે ૩.૦૦ વાગે**

**સ્થળઃ સાયન્સ સિટી, સોલા રોડ, અમદાવાદ**

જીતો
રૂા. ૨૫*
કરોડથી
વધુના ઈનામો

*વિજેતાઓને મળશે પ્રોત્સાહક રકમ / સ્ટડી ટૂરના સ્વરુપે આકર્ષક ઇનામો

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા આયોજિત કેન્દ્ર અને રાજ્ય સરકારની પ્રજાલક્ષી અને ફ્લેગશિપ યોજનાઓ તથા વિકાસગાથા અંગેની – **ગુજરાત જ્ઞાન ગુરુ ક્વિઝ**માં ધોરણ ૯ થી ૧૨ અને કોલેજના વિદ્યાર્થીઓ તેમજ અન્ય નાગરિકો ભાગ લઈ શકશે અને આકર્ષક ઈનામો જીતી શકશે.

- તારીખ ૭-૭-૨૦૨૨ થી શરૂ થતી તાલુકા-નગરપાલિકા, જીલ્લા/મહાનગરપાલિકા અને રાજ્યકક્ષાની ઓનલાઇન ક્વિઝ.
- તમામ સ્પર્ધકોને મળશે પ્રમાણપત્ર

**આ ક્વિઝમાં ભાગ લેવા માટે**
**www.g3q.co.in પર રજિસ્ટ્રેશન કરાવો.**

**વધુ માહિતી માટે હેલ્પલાઈન ૯૯૭૮૯૦૧૫૯૭ પર કોલ કરો.**

"દેશની અત્યાર સુધીની સૌથી મોટી જ્ઞાન સાથે ઈનામો આપતી ક્વિઝ"

શ્રી જીતુભાઈ એસ. વાઘાણી
શિક્ષણ મંત્રી, ગુજરાત

Follow us on:
@GujaratGyanGuruQuiz @g3quiz
@G3Quiz @GujaratGyanGuruQuiz